Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા



C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in

RNI રજી. બાદ વર્ષ : ૧૬ • અંક : ૧૨ • તા. ૧૬ માર્ચ થી ૨૨ માર્ચ ૨૦૧૩ • વાર્ષિક લવાજમ₹ ૫૦ • Regn.No. MH/MR/East/53/2012-14

## સમાજ શિલ્પી શ્રી પદમશીભાઈ લખમશી લાલકા અભિવાદન સમારોહ
















શ્રી ક.દ.ઓ. જૈન મહાજન બૃહદ ગાંદીદાામ દ્વારા તાજેતરમાં સમસ્ત મહાજનના સેક્રેટરી જનરલ ચીમન મોતાના સાનિધ્યમાં કચ્છમાં વસતા જ્ઞાતિજનોના સર્વાંગીણ વિકાસ માટે આજીવન સેવા કરનારા શ્રી પદમશીભાઈ લખમશી લાલકાનું વિશેષ બહુમાન કરવામાં આવ્યું હતું

(અહેવાલ આ અંકમાં)

# શ્રી નલીયાવાસી ડોંબીવલી મિત્રમંડળ આયોજીત સ્નેહ મિલન-૨૦૧૩



ઉપસ્થિત પુરૂષ ગામવાસીઓ અને આમંત્રિતો



ઉપસ્થિત સ્ત્રી ગામવાસીઓ અને આમંત્રિતો



ઉપસ્થિત ગામવાસીઓ અને આમંત્રિતો



તપસ્વી બહુમાન કરતાં માતુશ્રી સરલાબેન



શૈક્ષણિક બહુમાન કરતાં પ્રેમચંદ સોનાવાલા



શાંતિજિન ગ્રુપના પદાધિકારીઓનું સન્માન



કલ્પેશ અને કલ્પના ધરમશીનું સન્માન



સમસ્ત મહાજનના સેક્રેટરી જનરલ ચીમન મોતાનું સન્માન



ડોંબીવલીના સમાજસેવક દિનેશ ગોરનું સન્માન



સ્નેહમિલન નિમિત્તે મહાનુભાવોની મોજ



શ્રેષ્ઠ આયોજન કર્યું હવે થોડી ખેલ મસ્તી કરીએ



પારંપારિક કચ્છી રાસ રમતી બહેનો



પારંપારિક બાર દાંડિયા રમતા જ્ઞાતિજનો

# શ્રી નલીયાવાસી ડોંબીવલી મિત્રમંડળ આયોજીત સ્નેહ મિલન-૨૦૧૩



દીપ પ્રાગટ્ય કરતા મહાનુભાવો



આવકાર આપતા મિત્ર મંડળના પ્રમુખ વીરેન્દ્ર લોડાયા



સંચાલન કરતાં હરીશ શિયાલ અને વિજય સોની



તપસ્વી બહુમાનનું સંચાલન કરતા હિરલ ખોના



સમારંભ પ્રમુખ માતુશ્રી સરલાબેન નાગડાના આશીર્વચન



સમારંભ પ્રમુખ માતુશ્રી સરલાબેનનું સન્માન



અતિથી વિશેષ પ્રેમચંદ સોનાવાલાનું બહુમાન



નલીયા મહાજનના પદાધિકારીઓનું સન્માન



નરશીનાથા ટ્રસ્ટના મોતીચંદ ખોનાનું સન્માન



ચન્દ્રપ્રભ અતિથીગૃહના ટ્રસ્ટીઓનું બહુમાન



નલીનપુર નારી નિગમના પદાધિકારીઓનું સન્માન



પાંજરાપોળને માતબર દાન આપનાર પદમ પોલડીયાનું સન્માન



સમીર નાગડાનું બહુમાન



શ્રી ક.દ.ઓ. મંડળ ડોંબીવલીના આગેવાનોનું સન્માન

# શ્રી ધૃતકલોલ પાર્શ્વનાથાય નમઃ

## શ્રી ભલારા દાદાય નમઃ

શ્રી અંબે માતાય નમઃ　　　શ્રી સચ્ચાઇ માતાય નમઃ

## દાદા ભલારા ની ૨૫ પચીસમી પહેડી એ આમંત્રણ

સિલ્વર જયુબિલી..... સિલ્વર જયુબિલી..... સિલ્વર જયુબિલી.....

આમંત્રણ છે...

ભલારાદાદા ના દરબારે....
પહેડી પ્રસાદ ના પંગતે....
આરતી ને ભકિત ગીતોની રમઝટે....
ગમે ગામના દાદા ના દર્શને....

....આપ સૌને સહ પરિવાર આમંત્રણ
....વડીલો ને આમંત્રણ
....ધણી બાવાના ભકતો ને આમંત્રણ
....કદઓ જ્ઞાતી ને આમંત્રણ

આંખ ના અમી થી....
મનડા ના મ્હેંકથી....
જિગર ના જોમ થી....
અંતર ના ઉમડકા થી....

....આપના પગલાના પગરવ ને
....આપના અંતરના આનંદને
....આપની દર્શનની આતુરતાને
....આપની દાદાની ભકિત ને

## દાદા ભલારા ની ભલાઇ મા ભાગીદાર થવા આમંત્રણ આપીએ છીએ.

નાડીએ નાડીએ આનંદ નો ધબકાર છે. રોમે રોમે રાજીપા નો રણકાર છે.
શબ્દે શબ્દે ભકિતનો ટહુકાર છે. હૈયે આનંદ ના અતિરેક નો ગુણાકાર છે.

**શુભ દિવસ :** ચૈત્ર સુદ ૧ ગુડી પડવા ગુરુવાર તાઃ૧૧/૦૪/૨૦13
**શુભ સ્થળ :** કાલીદાસ ઓપન ગ્રાઉન્ડ, પી.કે.રોડ, મુલુન્ડ(વે), મુંબઇ
**શુભ સમય :** બપોર ના ૪.૦૦ વાગ્યા થી રાત્રે ૧૦.૦૦ સુધી

### * નિમંત્રક *

માતૃશ્રી કુંવરબાઇ વિસનજી માંચા મોતા, સુથરી, વિકોલી
માતૃશ્રી લીલાવંતી લક્ષ્મીચંદ રતનશી લોડાયા, મંઝલીયા, સુથરી, મુલુન્ડ

### * દર્શનાભિલાષી *

શ્રીમતી નંદા દિનેશ વિશનજી મોતા
શ્રીમતી વાસંતી મહેશ લક્ષ્મીચંદ લોડાયા

નોંધ : આપ ભલારા દાદાના ભુવા હો, આપ ભલારા દાદાના પાઠ માંડતા હો, કે આપની પાસે ભલારા દાદા વિશે કોઈ માહિતી હોય તો આપને જરૂરથી અમારો તાત્કાલીક સંપર્ક કરવા વિનંતી


૦૧.દિનેશ વિશનજી દંડ....૦૯૮૬૭૧૩૯૪૨૧　　૦૨.લહેરચંદ વેલજી મૈશેરી.....૦૯૧૪૬૪૬૫૧૫૧
૦૩.દિનેશ વિશનજી મોતા....૦૯૮૨૦૧૫૫૭૮૪　　૦૪.મહેશ લક્ષ્મીચંદ લોડાયા....૦૯૮૬૯૬૧૨૩૬૯
email :mahesh@hiral.com

**આદ્યતંત્રીઓ**

**"પ્રકાશ"**
ડો. વેલજી પાશ્વીર ગોસર
**"સમીક્ષા"**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**"પ્રકાશ સમીક્ષા"**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
**: સહતંત્રી :**
ચંપક જીવાણી – 09820808077

**સમિતિ સભ્યો**
કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતિલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
ચંપક રાયચંદ જીવાણી
શૈલેશ સનત્ શાહ
જ્યંત વિશનજી છેડા

**અંક નં. 12 / 2013**

**: કાર્યાલય :**
**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**
**C/o. Shri. R. R. Nagda,**
**29/41, Tamarind Lane,**
**Behind Poornima Restaurant,**
**Rajabahadur Comp,**
**Nr.Stock Exchange Bldg,**
**Fort, Mumbai - 400 001.**

**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**ચાલુ અંક માટે મેટર**
**સ્વીકાર માત્ર મંગળવાર સુધી**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર...**
**www.prakashsamiksha.com**
**E-mail:kdo_prakash@yahoo.co.in**

નોંધ: આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.

*તંત્રી સમીપે:*

## 'પ્રકાશ-સમીક્ષા' તેના નવ દાયકાના ગૌરવાન્વિત પત્રકારત્વની સુદૃઢ પ્રણાલિકાનું નિષ્ઠાપૂર્વક જતન કરતું રહેશે જ

બે-એક મહિના પહેલાં 'સમસ્ત મહાજન' ની મહાસમિતિની મુંબઈમાં યોજાયેલ સભામાં 'પ્રકાશ-સમીક્ષા' વિષયક જે ચર્ચા થઈ અને નિર્ણય લેવાયો તેથી 'પ્રકાશ-સમીક્ષા' શું ઝુકી જશે તે પ્રકારની જે ચિંતા જ્ઞાતિમાં વ્યક્ત થઈ રહી છે તે 'પ્રકાશ-સમીક્ષા' ની નિર્ભીક ને તટસ્થ પત્રકારિત્વની પ્રતિમાને કોઈપણ પ્રકારની આંચ આવવી ન જોઈએ તે સંદર્ભમાં વધારે કારણરૂપ છે તે સ્વભાવિક છે.

અલબત્ત, સમસ્ત મહાજનની ઉપરોક્ત સભામાં આ અંગે કોઈ પણ સ્પષ્ટ કાર્યસૂચિ(એજન્ડા) ની પૂર્વ જાહેરાત વિના ચર્ચા થઈ કે સભામાં જે રીતે આ ચર્ચાની શરૂઆત કરીને એક પછી એક વક્તવ્યો થયા તે તથા આ પ્રકારનો નિર્ણય લેવાયો તે સર્વ પૂર્વયોજિત પ્રકારનું હતું કે સભાના પ્રમુખશ્રીએ, આ બાબત એજન્ડા પર ન હોતાં તેની ચર્ચા વિગેરે ન કરી શકાય તે મતલબનું સેક્રેટરી જનરલ દ્વારા તેમનું ધ્યાન દોરવામાં આવ્યું છતાં ઉક્ત નિર્ણય લેવાયો ત્યાંસુધી તેમણે સભાની અરાજકતા પ્રકારની કાર્યવાહીને રોકી નહીં અને સભાના પ્રમુખ સભા પુરી થવાની કે બરખાસ્ત થવાની જાહેરાત કરે તે પહેલાં જ આ પૂર્વ યોજનાના સૂત્રધારો અને તેમના ટેકેદારો સભા છોડી ગયા તે આ કહેવાતા નિર્ણયને ગેરવ્યાજબી કે ગેરકાનૂની ઠેરવે છે કે સમસ્ત મહાજનને કાર્યવાહી આ રીતે દિશાદોર વિના થતી રહેશે તો સમસ્ત મહાજનની ઉપયોગિતા અને અસરકારકતા વિશે ગંભીર પ્રશ્નો ઊભા થશે અથવા સમસ્ત મહાજનને, ગામના જમાદારની જેમ ફાવે ત્યારે અને તેમ ડંડો ઉગામી, જ્ઞાતિની કોઈપણ સંસ્થા/ટ્રસ્ટના આંતરિક વહીવટમાં હસ્તક્ષેપ કરવાનો હક નથી કારણ કે તે તેના ઉદ્દેશ-ધ્યેયોથી તદ્દન વિસંગત કે સત્તાબહારનો છે તેવી બધી નુક્તેચીનીઓ કરીને, મુખ્ય વિષયને આડેપાટે ચઢાવવાનો અહીં ઉપક્રમ થતો નથી તેની સ્પષ્ટતા કરવી પણ જરૂરી છે.

'પ્રકાશ-સમીક્ષા' એ સાચા અર્થમાં અધિકૃત જ્ઞાતિપત્ર બનવું જોઈએ કે જ્ઞાતિના ધારાધોરણ મુજબ તેનાં સંચાલન અને પ્રકાશન થવા જોઈએ કે તે માટે જ્ઞાતિજનોની ચૂંટાયેલી કમિટીની રચના થવી જોઈએ તેવું વિચારનારા અને 'પ્રકાશ-સમીક્ષા'ને ૪૫ દિવસનો "અલ્ટીમેટમ" આપનારાઓ 'પ્રકાશ-સમીક્ષા'ની છેલ્લા ૯૦ જેટલાં વર્ષોની પરંપરાગત નીડર શૈલી અને સંચાલનથી પરિચિત નથી કે જાણીજોઈને તે ભુલી જાય છે કે તેની ઉપેક્ષા કરવા માગે છે તેટલું જ કહીએ તો તેમાં ઘણુંબધું આવી જાય છે.

લોકસભા, મ્યુનિસિપલ કે સંસ્થા/ટ્રસ્ટો બાબતે જ્યાં જ્યાં ચુંટણીઓ થાય છે ત્યાં ત્યાં નીતિમત્તા વગરનું અને પક્ષાપક્ષીનું ગંદુ રાજકારણ ખેલાતું રહે છે અને વાર-તહેવારે રાજકીય હરીફો એકબીજાનો હિસાબ સીધો કરવા મોકો શોધતા જ રહે છે. આમાં આપણી જ્ઞાતિ પણ બાકાત નથી. હજીપણ, ૧૯૭૫-૭૯, ૧૯૯૦-૯૧, ૨૦૦૪-૨૦૦૫ના વર્ષોમાં મુંબઈમાં ને જ્ઞાતિસ્તરે અન્યત્ર ખેલાયેલા પ્રપંચ અને છળકપટના રાજકારણમાં એકવખત આગળ આવેલા અને પાછળથી પછડાયેલા જ્ઞાતિકર્મીઓ આપણી પાસે મોજુદ છે, જેઓ પોતાના જુના જખમો

ખોતરવાની ચળને પંપાળી તેને ઊંડા કરવાની કળામાં નિષ્ણાંત છે અને સીધી રીતે કે પડદા પાછળ કાવાદાવા કરીને જ્ઞાતિમંચ પર પોતાની હાજરીના પુરાવા આપી રહ્યા છે તેનો ભોગ જ્યાં જ્યાં આવી ચૂંટણીઓ થાય છે તે સંસ્થાઓ બનતી આવી છે તે સર્વ વિદિત છે.

બીજી બાજુ, આપણી જ્ઞાતિમાં શ્રી વીરજી લધાભાઈ વિદ્યાર્થીગૃહ, શ્રી શિક્ષણ પ્રસારક સમિતિ ટ્રસ્ટ, શ્રી નરશીનાથા ચેરીટી ટ્રસ્ટ, કેડીઓ જૈન અભ્યુદય ટ્રસ્ટ-જામનગર ઈત્યાદિ ટ્રસ્ટો અને સંસ્થાઓ, ધ્યેય સમર્પિત ટ્રસ્ટીઓ દ્વારા ૬૦ અને ૧૦૦ વર્ષોથી સુસંચાલિત રહ્યાં છે જેમાં ચૂંટણીઓ થતી નથી અને સમયાંતરે રાજીનામા કે મૃત્યુ જેવા કારણસર ખાલી પડતી જગ્યાઓમાં ટ્રસ્ટ મંડળના બાકીના ટ્રસ્ટીઓ દ્વારા નવા ટ્રસ્ટીની નિમણૂંક કરાતી રહે છે. એટલે સમસ્ત મહાજનના 'પ્રકાશ-સમીક્ષા' વિષયક ઉપરોક્ત નિર્ણયને યોગ્ય ગણવાનો દાવો કરનારાઓ, ઉપર ઉલ્લેખેલ અને એવી અન્ય ચૂંટણી વગર સંચાલક મંડળમાં નિમણૂંક કરતી સંસ્થાઓ, ટ્રસ્ટોને પણ અનધિકૃત અને જ્ઞાતિના ધારાધોરણથી વિસંગત ઠેરવી શકશે.!

આજથી ૯૦ વર્ષ પહેલા 'પ્રકાશ' નો પ્રારંભ કરનાર દસેક કાર્યકરો પત્રકારિત્વના સ્વીકૃત મૂળભૂત ઉદ્દેશોને સમર્પિત હતા તેથી જ જ્ઞાતિજનોને જ્ઞાતિની ગતિવિધિઓથી સુમાહિતગાર રાખવા અને જ્ઞાતિ સંસ્થાઓની પ્રવૃત્તિઓ અને સંચાલનની કાર્યવાહીમાં જ્યારે-જ્યારે સામાજિક-ધાર્મિક રીતે ક્ષતિઓ કે ગેરવહીવટ થતો ત્યારે અને જ્ઞાતિ સંસ્થાઓના સુસંચાલન માટે યોગ્ય સુચના કરવાનું થતું ત્યારે તટસ્થતાર્પૂક અને નીડરપણે પોતાના અને જ્ઞાતિજનોના મંતવ્યોને વાચા આપવામાં કોઈ સમાધાન કરવું નહી એવી ધ્યેયનિષ્ઠા અને પ્રતિબદ્ધતાની પ્રણાલિકાનો તેમણે સુદ્રઢ પાયો નાખ્યો તે આ નેવું વર્ષ પર્યંત સતત અવિચલિત પણે જળવાઈ રહ્યો છે અને ભવિષ્યમાં પણ જાળવી રાખવામાં આવશે જ તેવો વિશ્વાસ થોડાક જ્ઞાતિજનો સિવાય આખી જ્ઞાતિને છે જ તે હકીકત અને 'પ્રકાશ-સમીક્ષા' સમિતિ, તેની અગ્રીમ બાગડોર સંભાળવા માટે પત્રકારિત્વના મૂળ સિદ્ધાંતોને પૂરેપૂરી પ્રમાણિકતાથી વરેલા ઉચ્ચ કક્ષાની મુલ્ય નિષ્ઠા પ્રતિ સમર્પિત કાર્યકરો/સભ્યોની, એક સ્વાયત (ઓટોનોમસ) સંસ્થાની રૂએ નિમણૂંક કરતી જ રહી છે તે હકીકત પણ 'પ્રકાશ-સમીક્ષા' માટે વ્યાજબી રીતે આત્મસંતોષનો વિષય છે.

'પ્રકાશ-સમીક્ષા' કોઈની પણ શેહ, જોહુકમી કે ધમકીને લગીરે વશ થયા વિના ને ગણકાર્યા વિના વિશાળ જ્ઞાતિહિતમાં સંતુલિત નિરીક્ષણ ધર્મ બજાવી નીડરતા, નિષ્પક્ષતા અને તટસ્થતાથી પોતાની સુદીર્ઘ ઉજ્જવળ પત્રકારિત્વની પ્રતિમાને પ્રતિબદ્ધ રહીને સાચા અર્થમાં જ્ઞાતિપત્ર બની રહેશે જ - સદૈવ.

- રા.

## ટ્રસ્ટોના અંદાજપત્રો

જ્ઞાતિના સર્વ ટ્રસ્ટો અને મહાજનોને વર્ષ ૨૦૧૩-૧૪ માટેના પોત-પોતાના અંદાજપત્રો બનાવી તેની નકલો 'પ્રકાશ-સમીક્ષા' ને મોકલવા અનુરોધ કરીએ છીએ જેથી શક્યતઃ તે સંપૂર્ણતઃ અથવા તેના મુખ્ય અંશોની પર્યાપ્તપણે રૂપરેખા મળી શકે તે રીતે જ્ઞાતિજનોની જાણકારી માટે 'પ્રકાશ-સમીક્ષા' માં પ્રકાશિત કરી શકાશે. મહારાષ્ટ્રમાં નોંધાયેલ ટ્રસ્ટો અને સંસ્થાઓને કાયદાની જોગવાઈઓ હેઠળ ૩૧ માર્ચ સુધીમાં તેવા અંદાજપત્રો ચેરીટી કમીશ્નરના દફ્તરે ફાઈલ કરવાનું ફરજિયાત છે.

મહારાષ્ટ્રમાં નોંધાયેલ જે ટ્રસ્ટો/મહાજનો/ સંસ્થાઓના અંદાજપત્રોની નકલો 'પ્રકાશ-સમીક્ષા'ને **૩૦ એપ્રિલ-૨૦૧૩** સુધી નહીં મળે તેમણે આવા અંદાજપત્રો તૈયાર કર્યા નથી અથવા તો જ્ઞાતિને તેની જાણકારી આપવામાં તેમના સંચાલકોને રસ નથી તેવો નિષ્કર્ષ જ્ઞાતિજનો કરી શકશે.

તેવી જ રીતે મહારાષ્ટ્ર સિવાયના અન્ય રાજ્યોમાં નોંધાયેલ ટ્રસ્ટ, મહાજન અને એકમોએ પણ પોતાની સંસ્થાની આગામી વર્ષમાં કઈ પ્રવૃત્તિઓ યોજવી છે તેની પૂર્વ વિચારણા કરી તે વિષે અર્થસંકલ્પ (બજેટ) તૈયાર કરી તેની એક નકલ અથવા તો તેની આગામી પ્રવૃત્તિઓના મુખ્ય મુદ્દાઓ સાથેની સંક્ષિપ્ત રૂપરેખાની માહિતી 'પ્રકાશ-સમીક્ષા' ને ૩૦ એપ્રિલ ૨૦૧૩ સુધી મોકલી જ્ઞાતિજનોને જાણકારી આપવાની ફરજ અદા કરશે એવી અપેક્ષા.

**- તંત્રી**

# પારસી પંચાયતનો અનુકરણીય નિર્ણય : જ્ઞાતિના સખાવતી ટ્રસ્ટ પોતાની મિલકત ખાનગી ડેવલપરને વિકસિત કરવા આપે તો પણ તેની માલિકી રાખી શકે છે/રાખવી જ જોઈએ

**PUBLIC NOTICE** **પબ્લિક નોટીસ**

## જાહેર નોટિસ

પારસી પંચાયત ફન્ડસ એન્ડ પ્રોપર્ટીસ, બોમ્બેના ટ્રસ્ટીઓ દ્વારા નીચે ઉલ્લેખાયેલ સરનામા ખાતે સીલબંધ કવરોમાં અને ધનબાઈ વાડી અને ધનબાઈ વિલા પ્લોટ તરીકે જાણીતી મિલકતો જે અહીં નીચે લખેલ અનુસૂચિઓમાં વધુ વિગતવાર વર્ણવેલ છે અને દાદાભાઈ રોડ ખાતે અને વિલે પાર્લે, કેળવણી મંડળ નજીક, ઈરલા ગાવથાન રોડ, વિલે પાર્લે (પશ્ચિમ), મુંબઈ- ૪૦૦૦૫૬ ખાતે સ્થિત છે તેના સંયુક્ત વિકાસ માટે ''ધનબાઈ વાડી અને ધનબાઈ વિલા પ્લોટસનો સંયુક્ત વિકાસ'' મોટા અક્ષરે લખીને લેખિતમાં ઓફરો મંગાવવામાં આવે છે.

ધનબાઈ વિલા મિલકતમાં જમીનના ફ્રી હોલ્ડ પ્લોટનો સમાવેશ જેનું માપ સુમારે ૨૦૨૯.૭૦ ચો.મી. છે સાથે ૩ ચાલ રૂમોના સમાવિષ્ટ કરતા ગ્રાઉન્ડ સ્ટોરીના માળખું જે પ્રત્યેકનું માપ સુમારે ૩૦ થી ૩૫ ચો.મી. છે અને તેના ઉપર ઊભેલ એક પેઈન્ટ શોપ જેમાં એક ભોગવટેકાર છે જેનો કુલ કારપેટ એરીયા સુમારે ૫૦ ચો.મી. છે, ધનબાઈ વિલા મિલકત તરીકે ઓળખાય છે.

ધનબાઈ વાડી મિલકત તરીકે જાણીતી જમીનનો અન્ય પ્લોટ પણ જમીનનો એક ફ્રી હોલ્ડ પ્લોટ છે જેનું માપ સુમારે ૫૮૮૭.૪ ચો.મી. છે. જેમાં સુમારે ૭૨ ફ્લેટ સાથેના પાંચ મકાનો છે, જેમાંથી ૩ મકાનો ઓનરશીપ ધોરણે છે અને ૨ મકાનો ભાડેથી અથવા લીવ એન્ડ લાયસન્સ ધોરણે છે.

ઉપરોક્ત બંને પ્લોટના કુલ એરીયાનું માપ સુમારે ૭૯૧૭.૧૦ ચો.મી. છે. સંયુક્ત વિકાસ ''જેમ છે જ્યાં છે'' ધોરણે રહેશે અને સંયુક્ત ડેવલપરને ઉપરોક્ત મિલકતના કોઈપણ ભાગનો કોઈ ખાલી કબજો અપાશે નહીં.

તમામ મોજૂદ કબજેદારોના પુનઃ હાઉસીંગ બાદ, શેષ વેચાણયુક્ત એરીયાનું ઓફરર તથા ટ્રસ્ટ વચ્ચે વિભાજન કરાશે. ઓફરરોએ કુલ ડેવલપમેન્ટના શેષ વેચાણયુક્ત બિલ્ટ અપ એરીયા/ કારપેટ એરીયાની વહેંચણીની ટકાવરી ક્વોટ કરવી જોઈશે અને સંપૂર્ણ રીડેવલપમેન્ટના સારા બાંધકામ અને ફન્જીબલ F.S.I. માટે તેમજ TDRના પ્રકાર દ્વારા અતિરિક્ત FSIની ખરીદી તેમજ તમામ ભોગવટકારોના રીહાઉસીંગ તેમજ ચેરિટી કમિશનરની મંજૂરી સહિત તમામ કાયદાકીય મંજૂરી તથા પરવાનગીઓ મેળવવાના ખર્ચ સહિત ઉપરોક્ત મિલકતોના સંપૂર્ણ રીડેવલપમેન્ટની કિંમત અને ખર્ચા એકલાએ ભોગવવાના રહેશે.

ઈચ્છુક ઓફરરોને સદર મિલકતનું નિરીક્ષણ ૧૧મી અને ૧૨મી માર્ચ, ૨૦૧૩ના બપોરે ૧૨.૦૦ અને સાંજે ૪.૦૦ વચ્ચે આપવામાં આવશે. આ બાબતમાં ઈચ્છુક ઓફરરોએ શ્રી આર. કે. તોડીવાલાનો અગાઉથી તેમના મોબાઈલ નં. ૯૮૨૦૬૫૮૯૦૮નો કોઈપણ કાર્યાલયીન દિવસે સંપર્ક કરવાનો રહેશે. ઓફરો નીચે સહી કરનારને નીચે ઉલ્લેખાયેલ સરનામા ખાતે રૂા. ૧૦,૦૦,૦૦૦/- (રૂપિયા દસ લાખ માત્ર)ની રકમના અનુસૂચિત/ રાષ્ટ્રીયકૃત બેન્ક (પણ કો-ઓપરેટીવ બેન્ક નહીં) ઉપર જારી કરાયેલ ડીમાન્ડ ડ્રાફ્ટ દ્વારા જોડાયેલ પહોંચવો જોઈશે. ''પારસી પંચાયત બોમ્બે''ની તરફેણમાં ડ્રાફ્ટ નીચે સહી કરનારની ઓફિસમાં ૨૦મી માર્ચ, ૨૦૧૩ના બ. ૨.૦૦ અગાઉ પહોંચવો જોઈશે. તેજ દિવસે બ. ૩.૩૦ વાગે ઓફરો ધરાવતા સીલબંધ કવરો નીચે ઉલ્લેખાયેલ સરનામા ખાતે ખોલાશે, જ્યારે ઓફરરો હાજર રહી શકશે અને અગર તેઓ ઈચ્છે તો તેમની ઓફરો વધારી શકશે. ટ્રસ્ટીઓ ઉચ્ચતમ અથવા અન્ય કોઈ ઓફર સ્વીકારવા બંધાયેલા નથી અને ઓફર નહીં સ્વીકારવા માટે કોઈ કારણ દર્શાવવા બંધાયેલા નથી.

સંયુક્ત વિકાસ ચેરિટી કમિશનરની પરવાનગીને આધીન રહેશે.

આ પ્રમાણે બંધાયેલ ડેવલપર્સના હિસ્સાને ઉપલબ્ધ ફલેટો/ રહેણાંક યુનિટો ડેવલપર્સ દ્વારા માલિકી ધોરણે માત્ર પારસી/ ઈરાની ઝોરાષ્ટ્રીયનોને એવી શરત સાથે વેંચવામાં આવશે કે આ ફલેટોનો વપરાશ, ભોગવટો અને માલિકી માત્ર પારસી/ ઝોરાષ્ટ્રીયનો સુધી મર્યાદિત રહેશે.

ઈચ્છુક ઓફરરો નીચે ઉલ્લેખાયેલ સરનામામાંથી રૂા. ૫,૦૦૦/-ની ચૂકવણી ઉપર ડેવલપમેન્ટના નિયમો અને શરતો ધરાવતો લેટર ઓફ ઓફર મેળવી શકે છે.

**અનુસૂચિ-I**

**ધનબાઈ વાડી તરીકે જાણીતી મિલકતનું વર્ણન**

ફ્રી હોલ્ડ જમીનનો તે તમામ ટુકડો અને કકડો, ત્રણ માલિકી મકાનો અને બે ચેરિટેબલ રહેણાંક મકાનો સાથે જેમાં કુલ ૭૨ ભોગવટકારો/ ભાડૂતો છે જે પ્લોટ CTS નં. ૮૫૮, ૮૫૯ અને ૮૬૦ હોઈ તેનો કુલ એરીયા ૨૧.૫+૫૫૩૮.૧+ ૩૨૭.૮=૫૮૮૭.૪ ચો.મી. કે તે સુમારે છે, દાદાભોય રોડ, વિલે પાર્લે (પશ્ચિમ), મુંબઈ- ૪૦૦૦૫૬ ઉપર સ્થિત છે. બૃહન્મુંબઈ મહાનગરપાલિકાની શહેરી હદમાં વોર્ડ નં. કે/ પશ્ચિમ ખાતે છે. માપમાં ૫૮૮૭.૪ ચો.મી. કે તે સુમારે છે જમીનનો સદર ટુકડો અને કકડો નીચે મુજબ ઘેરાયેલ છેઃ

ઉત્તરે કે તે તરફ C.T.S. નં. ૭૮૫થી,
દક્ષિણે કે તે તરફ C.T.S. નં. ૮૫૭થી,
પૂર્વે કે તે તરફ C.T.S. નં. ૮૫૨થી,
પશ્ચિમે કે તે તરફ C.T.S. નં. ૮૬૩થી,

**અનુસૂચિ-II**

**ધનબાઈ વિલા તરીકે જાણીતી મિલકતનું વર્ણન**

ફ્રી હોલ્ડ જમીનનો તે તમામ ટુકડો અને કકડો ચાલના માળખા સાથે જે પ્લોટ સર્વે નં. ૨૩૮ ડી, CTS નં. ૭૮૫, ૭૮૫/૧, ૭૮૫/૨, ૭૮૫/૩ અને ૭૮૫/૪ હોઈ, તેની સાથે સ. નં. ૨૩૮એ, હિસ્સા નં. ૬ પાર્ટ, અગાઉ ધનબાઈ વિલા તરીકે જાણીતી, ઈરલા ગાવથાન રોડ, વિલેપાર્લે (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૫૬ ઉપર સ્થિત છે. બૃહન્મુંબઈ મહાનગરપાલિકાની હદમાં વોર્ડ નં. કે/પશ્ચિમ ખાતે છે માપમાં ૨૦૨૯.૧૦ ચો.મી. કે તે સુમારે છે, જમીનનો જે સદર ટુકડો અને કકડો નીચે મુજબ ઘેરાયેલ છે.

ઉત્તરે કે તે તરફ સં. નં. ૨૩૮ઈ CTS નં ૭૮૬થી
દક્ષિણે કે તે તરફ અંશતઃ પ્લોટ CTS નં ૮૫૮થી
પૂર્વે કે તે તરફ અંશતઃ ૮૫૯ અને CTS નં. ૮૫૨થીઃ
પશ્ચિમે કે તે તરફ અંશતઃ CTS નં. ૭૮૩થી
આજ દિનાંક ૬ઠ્ઠી માર્ચ, ૨૦૧૩

મુલ્લા એન્ડ મુલ્લા ક્રેગી બ્લન્ટ એન્ડ કેરો
બી. એચ. આન્ટીયા
સીનીયર ભાગીદાર
મેસર્સ મુલ્લા એન્ડ મુલ્લા એન્ડ ક્રેગી બ્લન્ટ એન્ડ કેરો
પારસી પંચાયત ફન્ડસ એન્ડ પ્રોપર્ટીસ, બોમ્બેના ટ્રસ્ટીઓ વતી સોલિસિટર્સ,
મુલ્લા હાઉસ, ૫૧, મહાત્મા ગાંધી રોડ, ફોર્ટ, મુંબઈ - ૪૦૦૦૦૧.

(જા.ખ.)

કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિ પારસીઓ પાસેથી ઘણુંબધું શીખી છે તેમાંથી એક એટલે જ્ઞાતિ અસ્મિતા જાળવવા જ્ઞાતિજનો એક જગ્યાએ વસી શકે તે માટે જ્ઞાતિના સખાવતી ટ્રસ્ટોએ રહેઠાણ યોજનાઓ કરવી જોઈએ તે છે.

આજના જમાનામાં જ્ઞાતિએ પારસીઓ પાસેથી એક વધુ વાત શીખવાની છે તે છે સખાવતી ટ્રસ્ટો પોતાની મિલકતના રીડેવલપમેન્ટ માટે ખાનગી ડેવલપરનો સાથ લે તો એ સંજોગોમાં જ્ઞાતિએ પોતાની મિલકતની માલિકી/ કબજો જૂના ભાડૂતોને ઓનરશીપથી આપીને કે બાકીનો હિસ્સો ડેવલપરને સોંપીને ગુમાવી દેવાનો જ હોય એવું માનવાની જરૂર નથી. જ્ઞાતિ પોતાની મિલકત પર પોતાની સર્વોપરિતા જાળવી શકે છે.

તાજેતરમાં પારસી પંચાયતના સોલીસીટર મુલ્લા એન્ડ મુલ્લા દ્વારા પાર્લામાં આવેલ 'ધનબાઈ વાડી અને ધનબાઈ વિલા પ્લોટ્સનો સંયુક્ત વિકાસ' અંગેની નોટીસ આ સંબંધમાં વાંચવા-વિચારવા તેમજ અનુકરણ કરવા લાયક છે.

આ નોટીસમાં જણાવવામાં આવ્યું છે કે ''સંયુકત વિકાસ 'જેમ છે, જ્યાં છે,' ધોરણે રહેશે અને સંયુક્ત ડેવલપરને કોઈપણ ભાગનો કોઈ ખાલી કબ્જો અપાશે નહીં.

તમામ મોજુદ કબ્જેદારોના પુનઃ હાઉસીંગ બાદ, શેષ એરિયાનું ઓફરર તથા ટ્રસ્ટ વચ્ચે વિભાજન કરાશે, કુલ ડેવલપમેંટ્સના શેષ વેચાણયુક્ત બિલ્ટઅપ એરિયા/કારપેટ એરિયાની વહેંચણીની ટકાવારી ક્વોટ કરવી પડશે. આ પ્રમાણે બંધાયેલ હિસ્સાને ઉપલબ્ધ ફ્લેટો/રહેણાંક યુનિટો ડેવલપર્સ દ્વારા માલિકી ધોરણે માત્ર પારસી/ઈરાની ઝોરાષ્ટ્રીયનોને એવી શરત સાથે વેચવામાં આવશે કે આ ફ્લેટનો વપરાશ-ભોગવટો અને માલિકી માત્ર પારસી/ઝોરાષ્ટ્રીયનો સુધી મર્યાદિત રહેશે.''

જ્ઞાતિ આગેવાનો અને ખાસ કરીને જ્ઞાતિની મિલકતનો સંચાલન કરતાં ટ્રસ્ટના ટ્રસ્ટીઓ આ જાહેરાતનો અભ્યાસ કરીને તેવા સંજોગોમાં જ્ઞાતિ અસ્મિતા જાળવવા તે પ્રમાણે વર્તે એવી અપેક્ષા અસ્થાને નહીં ગણાય. - તંત્રી

**આ પ્રમાણે બંધાયેલ ડેવલપર્સના હિસ્સાને ઉપલબ્ધ ફલેટો/ રહેણાંક યુનિટો ડેવલપર્સ દ્વારા માલિકી ધોરણે માત્ર પારસી/ ઈરાની ઝોરાષ્ટ્રીયનોને એવી શરત સાથે વેંચવામાં આવશે કે આ ફલેટોનો વપરાશ, ભોગવટો અને માલિકી માત્ર પારસી/ ઝોરાષ્ટ્રીયનો સુધી મર્યાદિત રહેશે.**

## કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિજનોએ કચ્છમાં હતા તે વખતે પણ લઘુઉદ્યોગ, કારીગરી, કલાકારીના વ્યવસાય અપનાવ્યા હતા

કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિનો મુંબઈ પ્રવેશ માથાડી કામદાર તરીકે થયો. મુંબઈમાં ૧૮૧૫થી જ્ઞાતિમાં વેપારની શરૂઆત થઈ અને અતિધનાઢ્યોએ જ્ઞાતિને મુંબઈ સ્તરે તથા જૈન સમુદાયોમાં સારી પ્રસિદ્ધિ અપાવી તેનો ઈતિહાસ જાણીતો છે.

જ્ઞાતિ ઈતિહાસના કેટલાક અજાણ્યા પણ રસપ્રદ અંશ પણ છે, તેમાંથી એક એટલે મુંબઈ આવ્યા તે પહેલાંથી માંડીને જ્યારે મુખ્ય વ્યવસાય ખેતીવાડી હતો ત્યારે ખેતીવાડી ઉપરાંત કેટલાકે વેપાર જ નહીં લઘુઉદ્યોગ તેમજ કારીગરી અને કલાકારી જેવા વ્યવસાય અપનાવ્યા હતા. અને તેમાંના ઘણાંએ કચ્છ સ્તરે સારી નામના મેળવી હતી.

'પ્રકાશ' ના આગેવાનોએ ઈ.સ. ૧૯૩૮ના અરસામાં બધા ગામોની ઐતિહાસિક વિગતો મેળવવા ચાહેલી. જોકે માત્ર નલીયા ગામની વિસ્તૃત માહિતી તે ગામના વર્ધમાન રામજી હંસાણી અને હીરજી કાનજીએ એકઠી કરી આપી તેમજ તેનું સંશોધન કરી જીવરાજ કરમશી શાહે ઈ.સ. ૧૯૩૮ના શ્રાવણ (ઓગસ્ટ) મહિનાના અંકથી શ્રેણીબદ્ધ રીતે પ્રગટ કરી.

એમાંથી આપણા કેટલાક પ્રતિભાવંત જ્ઞાતિજનોએ પોતાની આગવી કેડી કંડારીને એ મુખ્યત્વે ખેતીવાડીના વ્યવસાયના જમાનામાં નવું શું કર્યું તે અંગેની વિગતો પણ આપી છે. જે જાણવી રસપ્રદ રહેશે. આ લેખ વાંચતી વખતે આજે જેવા ઉલ્લેખ આવે તો આપણે તે ૮૪ વર્ષ પહેલા તો તથા આજથી સો વર્ષ પહેલાં એવો ઉલ્લેખ હોય તો ૧૮૪ વર્ષ પહેલાંની વાત છે તેનો ખ્યાલ રાખવો પડશે.

**-વીરચંદ ધરમશી (સંકલનકાર)**

'સર' નામે ઓળખાતા પાણીથી ભરાવાવાળા સ્થળમાં ગંગાજર લધા છેડાએ અળસી, તુવર, વટાણા, ઉગાડવાના અખતરાઓ કર્યા છે, જેમાં તેને ફત્તેહ અને સફળતા પ્રાપ્ત થઈ છે. આજે (ઈ.સ. ૧૯૩૮માં) પણ તેઓ આ ધંધો નવીન દ્રષ્ટિથી જ ખેડી રહ્યા છે અને તેમાં પોતાની હોશિયારી અને કુશળતા બતાવી છે.

ખેતીવાડીનો ધંધો આપણા હાથમાંથી ઓછો થઈ જવાના કારણો તપાસતાં જણાય છે કે સ્થાનિક વસતિનો મોટો ભાગ ધંધાર્થે પરદેશ વસતો હતો એટલે તેઓને આ ધંધા પ્રત્યે કુદરતી રીતે જ અણગમો આવતો ગયો; આથી જેઓ પાસે જમીનનો મોટો ભાગ હતો તેઓએ પોતાની શક્તિ પૂરતી જમીન રાખી બાકીની ઠાકોરોને અને અન્ય કોમના ખેડૂતોને આપી દીધી. આ ઉપરાંત ખેતીવાડીમાં માઠાં વરસોને કારણે પેદાશ પણ ઓછી થતી ગઈ તેમ જ રાજ્યની હાલાકી પણ દિવસાનુદિવસ વધતી ગઈ, આથી જેઓ કંઈક શીખેલા હતા તેવા ભાઈઓનું આ ધંધા પ્રત્યે દૂર્લક્ષ્ય થતું ગયું જ્યારે એવા કેટલાક ભાઈઓને અન્ય ધંધામાં સૂઝ ન પડવાના કારણે અથવા તો બાપદાદાનો ધંધો મૂકીને ક્યાં જઈએ? આવા ભાઈઓના હાથમાં જ આ ધંધો ટકી રહ્યો છે. જે મુજબ આજે આ ધંધામાં ખેડૂત તરીકે થોડા ભાઈઓ મળે છે. સં. ૧૯૮૧ (ઈ.સ. ૧૯૨૫) ની ગણત્રી મુજબ ૨૫ ભાઈઓના જ હાથમાં આ ધંદો હતો. આ સંખ્યા અગાઉ દર્શાવેલા કારણ મુજબ સં. ૧૯૯૧ (ઈ.સ. ૧૯૩૫) માં ૩૮ ઉપર વધી.

જે ભાઈઓના હાથમાં જમીન છે તેઓ તે જમીનને હજુસુધી ટકાવી રહ્યા છે એટલું જ નહિ પણ તેઓ જમીનદાર તરીકે પણ ઓળખાય છે. આવા ભાઈઓમાં


**Franchise**

Dear Women

Strike a Right Balance between Home & carrier. Gain Freedom to Learn, to Teach, to Earn, to Share, to Grow.

Join successful IPA Group of Women Entrepreneurs.

IPA Programs : Abacus/Vedic Maths/ Phonetics/English Grammer/Handwriting. To be a franchise contact :-

Reena L. Lodaya - 9920657764, 32513826

www.playabacusindia.com

**IDEAL PLAY ABACUS INDIA PVT. LTD.**

923 + centres in India

ISO Certified Co.



**વગર દવાએ સરળ ઉપચારથી રજવાડીઠાઠથી જીવવાની કળા**

હાર્ટના બ્લોકજેસ ઓછા કરવા • કમર અને સાઈટીકાનો દુખાવો • સ્પોંડીલાઈસીસ • ધુંઠણનો દુઃખાવો • માઈગ્રેન • ડિપ્રેસન • વજન ઘટાડવૂ • અન્યરોગોના ઈલાજ માટેની સલાહ અને ઉપાયો કોઈપણ જાતની દવા આપ્યા વગર તેમજ આપ લો છો એ દવા બંધ કરાવ્યા વગર ફકત બાહરી ઉપચાર, કોઈપણ આડઅસર વગર, જોખમ વગર અને લાભકારી નીચેની અલટરનેટીવ થેરાપીને ઉપયોગ કરી • મેરીડીયન મસાજ થેરાપી એક્યુપ્રેસર થેરાપી • પાસ થેરાપી • બુંહાગ ઈન્સટુમેન્ટ બધી મેરીડયનોલોજી પર આધારિત તેમજ નેચરોપેથી થેરાપીના નિષ્ણાત.

**આપના ઘરે આવીને તપાસીને સચોટ ઈલાજ કરવામાં આવશે**

Raajendra S. Shah (Sr. therapist) Matunga, Mumbai.

**Mob.: 9820002953 • Tel.: 022-24121234**

અત્યારે લાલજી શામજી ધૂમના વારસો, કાનજી મણસી લોડાયાના વારસો તથા વેરસી લધાભાઈ લોડાયાના નામો મોખરે આવે છે. ખેતીવાડી કરનારાઓમાં સૌથી વિશેષ જમીનની માલિકી ધરાવનાર વેલજી પસાયા મોમાયા છે અને તેમનું નામ એ વર્ગમાં પહેલું છે.

ગૃહઉદ્યોગોમાં ચાલુ ઉદ્યોગો ઉપરાંત એરંડીઉ તેલ કાઢવાનો, કપાસનાં કાલાં ફોડવાનું, રેંટીઆ ચલાવી જોઈતું સૂતર ઉત્પન્ન કરવાનો હતો, જે ઉદ્યોગ આજે નજરે પડતો નથી. જોકે આજે પણ બેચાર વૃદ્ધ બહેનો ચરખો ચલાવે છે.

કેટલાક ભાઈઓ મજૂરીનો ધંધો કરીને પોતાની આજીવિકા ચલાવતા હતા. મજૂરીમાં પત્થર કાઢવાનું, પત્થર ઘડવાનું, સલાટકામ, ઘર ચણવાનુ, ખેતરમાં મજૂરી કરવાનું, વખતોવખત થતા મોટાં જ્ઞાતિજમણવારોમાં રસોઈ કરવાનું, અને ફુરસદના વખતમાં ગાડાભાડું કરવાનું કાર્ય મુખ્ય હતું. સલાટકામ સિવાયની અન્ય મજૂરીમાં સં. ૧૯૮૧ (ઈ.સ. ૧૯૨૫) માં કરવામાં આવેલી વસતિ ગણત્રી અનુસાર આ ધંધામાં ૪૨ ભાઈબેનો હતાં, જે ઘટીને સં. ૧૯૯૧ (ઈ.સ. ૧૯૩૫) માં ૨૦ રહ્યાં હતાં.

આજે પણ સંખ્યાબંધ ભાઈઓ સલાટકામ કરી રહ્યા છે. આજથી ૧૦૦ વર્ષ પહેલાં સલાટ તરીકે સલાટનાં કાર્યમાં ઉદેસીઆણી, જગસીઆણી, રાજદેઆણી (નાગડા) કુટુંબના ભાઈઓ જાણીતા હતા. છેલ્લી પચીસીમાં આ જ ધંધામાં હીરજી મેઘણ ખોના, મણસી લાલજી લોડાયા, આણંદજી શિવજી લોડાયા, વેલજી ખીઅસી લોડાયા નિષ્ણાતો તરીકે ઓળખાતા હતા. આ ત્રણેમાં હીરજી મેઘણની શિલ્પકળામાં ઘણી ખ્યાતિ હતી. તેમણે કેટલાંક ગામોનાં દેરાસરો બાંધી તેમાં શિલ્પકળાનો પરિચય કરાવ્યો છે.

સલાટકામ સાથે ભીંતો પર ચિત્રકામ કરનાર વ્યક્તિઓ નલીયામાં થઈ ગઈ છે, જેમાં આજે(ઈ.સ. ૧૯૭૮માં) પણ આ કાર્ય ઘેલા કલ્યાણ નાગડા, કેશવજી રતનસી નાગડા અને નરસી ખીમજી મોમાયા કરી રહ્યા છે. સલાટકામમાં આજે વીરધોર ખીમજી મોમાયા, ખીમજી કુંવરજી મોમાયા જાણીતા છે. સં. ૧૯૮૧ (ઈ.સ. ૧૯૨૫) માં સલાટકામ કરનારાઓ ૧૨ હતા, જ્યારે સં. ૧૯૯૧ (ઈ.સ. ૧૯૩૫) માં ૨૨ ભાઈઓ આ કામ વાટે પોતાની આજીવિકા મેળવી રહ્યા હતા.

આ ઉપરાંત રતનસી જેઠા નાગડા પણ ભીંતો પરનાં ચિત્રકામ ઉપરાંત ફોટો-ચિત્રોનાં કામમાં પ્રખ્યાત છે. આજે (ઈ.સ. ૧૯૩૮માં) પણ કચ્છનાં અનેક દેરાસરોમાં, શ્રીમંતોનાં બંગલાઓમાં તથા કચ્છના, દેશાવરોના અને મુંબઈના ઘણા ભાઈઓની છબીઓમાં આ ચિત્રકારની પીંછીનો પરિચય મળી રહે છે.


કલા-કસબ અને કલરનો
અનોખો સમન્વય

જ્યોતિ

સિલ્ક સાડી એમ્પોરીયમ

*Sachi Jari maate real nam*

૧૩૪/૩૬, બીજે માળે, ખાદી ભંડાર ઉપર,
ખારા કુવા સામે, મુંબઈ-૪૦૦ ૦૦૨,
ફોન : 22413995, 22402786. E-mail : jyotisse@gmail.com

**જોઈએ છે**

ખંડવા શ્રી ક.દ.ઓ. દેરાસર માટે પુજારી અને હિસાબ-કિતાબ સંભાળી શકે. ખંડવા સ્થાયી થવા ઈચ્છુક હોય એવા ક.દ.ઓ. ભાઈની આવશ્યકતા છે.

-: સંપર્ક : -

**શ્રી જૈન શ્વેતાંબર મંદિર ટ્રસ્ટ**

ઘંટાઘર ચૌક, ખંડવા

ફોન : **094259-28265 / 09827202010**

**Since 1984...**

**Lagna Deep**



બી-૧૩, જલારામ આશિષ, દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)

**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ ઝરી, ચોકબંધ ઘરચોળા**

- રીયલ બટકસબની સાડી બોર્ડર • પીટ્ટાતાર ભરતની સાડી
- કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
- બ્રાઈડલ ચણીયા ચોળી • ડીઝાઈનર સાડી
- પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી

ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)

જૂના ઘરચોળા લેવામાં આવશે.

**Mob.: 7666688881**

ગુરૂવાર બંધ

# વસતિપત્રક શ્રેષ્ઠ બને તે આપણા સૌની જરૂરત છે, આપણા સૌની ફરજ પણ છે

વસતિપત્રક કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિનું સમાજજીવન અન્ય સમુદાયોથી અનેકગણું સમૃધ્ધ છે એ વાતની જીવંત સાબિતી છે. અન્ય સમુદાયોએ છેલ્લા બે-ત્રણ દાયકાથી આ અંગે થોડીઘણી સફળતા મેળવી છે જ્યારે ક.દ.ઓ. જૈન જ્ઞાતિ પાસે આ સંબંધમાં નવ દાયકાની ગૌરવદાયી પરંપરા છે.

એ નોંધપાત્ર છે પ્રથમ બે વસતિપત્રકોનું પ્રકાશન સામાજિક સુધારા-જ્ઞાનપ્રસારના હેતુથી થયેલું જ્યારે પાછળથી તેને સામાજિક વ્યવહારી, ખાસ કરીને સગપણ માટેના 'રેડી રેફરન્સ' (તૈયાર સંદર્ભ) તરીકે મહત્ત્વ અપાયું.

આ પ્રવૃત્તિનું મહત્વ જોતા જ્ઞાતિએ સ્વતંત્ર વસતિપત્રક સમિતિની સ્થાપના કરી, તેને વધુને વધુ સમૃદ્ધ બનાવવા માટે સઘળા પ્રયત્નો કરી રહી છે.

જોકે, અત્યારે જેને અમુક ફોર્મની પાકી વિગત નિર્ધારિત તારીખ સુધીમાં ન મળે તો પણ વસતિપત્રકને અંતિમ સ્વરૂપ આપી દેવું એમ નક્કી થઈ ગયું છે, તે વસતિ પત્રકની તૈયારી વખતે કેટલીક અણધારી મુશ્કેલી આવી. વસતિપત્રક સમિતિ પોતે આગલા વસતિપત્રકમાં જરૂરી બધી આવરી લેવાઈ છે ત્યાંથી થોડા સુધારા વધારા કરવા એવા વિચારથી માંડીને ભાવિ પેઢી પણ આપણા વડવા ટેક્નોલોજી સંબંધે પણ ઉચ્ચ આગ્રહ ધરાવતા હતા એમ કહે એ માટે અત્યારે ખર્ચા સામે જોવું નહીં એવા બે સ્પષ્ટ વિભાગોમાં વહેંચાઈ ગઈ.

હકીકતમાં બન્ને પક્ષો સારું જ ઈચ્છી રહ્યા હતા પણ અહમ્‌ના ટકરાવથી આ બાબત વસતિપત્રક સમિતી સ્તરે હુંસાતુંસી સુધીની સ્થિતિ આવી તો પણ જ્ઞાતિ આગેવાનોની સભા લઈ વચલો માર્ગ કાઢવામાં ન આવ્યો તેને કારણે વિલંબ પણ થયો તથા જ્ઞાતિજનોમાં વસતિપત્રક સમિતિ પોતે પોતાના કામ બાબત ગંભીર નથી એવી ખોટી છાપ ઊભી થઈ. બીજો અકારણ ગુંચવાડો વસતિપત્રક સમિતિએ ભાવિ આયોજનમાં મદદરૂપ થવા જે સ્વૈચ્છિક માહિતી મંગાવી તે બાબત થયો.

પાંચેક મહિના પહેલાં ફોર્મ છપાઈ ગયા પછી વસતીપત્રક સમિતિ તરફથી એક એવી સભા બોલાવવાનું નક્કી થયેલ કે જેમાં મુંબઈ તેમજ દેશાવરના સર્વ મહાજનોના પ્રતિનિધિઓ, જેઓ પોત પોતાના વિસ્તારના જ્ઞાતિજનો પાસે જઈ ફોર્મ ભરાવવા જવાના હોય તેમને આ ફોર્મમાંની વિગતો કઈ રીતે ભરાવવી તે અંગે વિગતવાર સૂચના અને સમજણ આપી શકાય, જેથી ફોર્મ ભરનાર જ્ઞાતિજન દ્વારા ફોર્મ કોઈ બાબત વિષે પૃચ્છા થાય તો તેનો સંતોષકારક ખુલાસો સમજણ આપી શકાય. પરંતુ કોઈ કારણસર આવી સભા ન બોલાવાઈ જે કારણે ખાસ કરીને દેશાવરોમાં ફોર્મ ભરાવવા જનાર મોટા ભાગના પ્રતિનિધિઓ યોગ્ય સમજણના અભાવે સંબંધિત જ્ઞાતિજનો પાસેથી ફોર્મ ભરાવી ન શક્યા.

અલબત્ત, ગયા સપ્તાહે વસતીપત્રક સમિતિએ જાહેર નિવેદનમાં જણાવેલું કે ૨૨૬૮ જ્ઞાતિજનોના ફોર્મ પાછા મળ્યા નથી તે પછી કુદરતે ઘણાં ફોર્મ ભરાઈને આવી ગયા છે અને હવે એકાદ હજાર જ્ઞાતિજનોના ફોર્મ આપવાના બાકી છે. વસતિપત્રક સમિતિ એ તેને માટે એવું કારણ આપ્યું છે કે ફોર્મ ન આપનાર જ્ઞાતિજનો વસતિપત્રકના પોતાની માહિતી પ્રગટ થાય તે અંગે ઓછો રસ ધરાવે છે. આરા જ્ઞાતિજનોનું આ પ્રકારનું વલણ ગંભીર વિચારણા માગે છે.

અગાઉ એવું બનતું કે વસતિપત્રક સમિતિને માત્ર ૧૦-૨૦ ટકા ફોર્મ માટે જ વિશેષ જેહમત લેવી પડતી તેને બદલે આ વખતે ૫૦ ટકા ફોર્મ માટે જહેમત અને ૩૦ ટકા ફોર્મ માટે વિશેષ જહેમત લેવી પડી છે.

આનું કારણ એ છે કે ૧૦ ટકા થી ૨૦ ટકા જ્ઞાતિજનો નજીકના સગા પ્રસંગોએ જ મળતા હોય તેટલા બધા વિખરાઈ ગયા છે. વસતિપત્રક તેમનો સંપર્ક કરી સગાઓ વિશે જાણકારી માંગી તો તે પણ એ આપવા અસમર્થ હતા. આ ઉપરાંત ઘણા કિસ્સાઓમાં એવું પણ બન્યું કે અમને વસતીપત્રકની જરૂર જ નથી કે અમને તેમાં અમારી માહિતી આપીને શું ફાયદો? તેની શું જરૂરત? એવું વસતિપત્રકના કાર્યકર્તાને ચોખ્ખું કહેનારાની કે મુખભાવથી તેવું દર્શાવનારાની સંખ્યા પણ ખાસ્સી વધારે હતી, જે વાતને બિલકુલ અવગણી શકાય નહીં.

આનો જ્ઞાતિ માટે અર્થ તારવીએ તો એ થાય કે જ્ઞાતિએ વસતીપત્રક સમિતિના કાર્યકર્તાઓને થયેલા અનુભવમાંથી એ ફલિત થાય છે કે હવે પછીના વસતિપત્રક પછીનું વસતિપત્રક છાપવાની જરૂર જ ન હોય એવી સ્થિતિથી બચવું હોય તો સમુદાયની વેરવિખેર કરનારા કેન્દ્રત્યાગી પરિબળોને ઓળખી કાઢી અટકાવવાનો પ્રયત્ન કરવો પડશે.

વિદેશમાં વસતા જ્ઞાતિજનો સહિત ઘણાં જ્ઞાતિજનોએ નવા સ્વરૂપમાં મુકાયેલ વસતિપત્રકની માહિતીનો દુરૂપયોગ થશે એવી ભીતિ વ્યક્ત કરેલી. તેમની શંકાનું સમાધાન માંડ હમણાં કરાવી શકાય એવું છે. તેને કારણે પણ આ કામમાં વિલંબ થયો છે. જોકે એ ખુશીની વાત છે કે કિરીટ મુનવર જેવા કોમ્પ્યુટર નિષ્ણાતની મદદથી આપણે એકદમ સલામત વસતિપત્રક બનાવી રહ્યા છીએ.

અલબત્ત આ તબક્કે એની પણ વધુ વિચારણાની જરૂર નથી આ તબક્કે તેની માત્ર નોંધ લઈ કહેવાનું કે કાળસંજોગે વસતિપત્રક સમિતિનું કામ આમ પણ બહુ મુશ્કેલી બન્યું છે. એટલે સમજદાર જ્ઞાતિજનોએ આ તબક્કે કોઈ પણ જાતના સાચા-ખોટા વિવાદમાં પડ્યા વગર તેમને યથાશક્ય સહકાર આપવો જોઈએ. કારણ કે વસતીપત્રક શ્રેષ્ઠ બને તે આપણી સૌની જરૂરત છે એટલું જ નહીં પણ આપણી સૌની ફરજ પણ છે.

**- ચંદ્રસેન મોમાયા**

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ વસતિપત્રક સમિતિ

### નમ્ર અપિલ

## ૮ મા વ.પ.ના ભરેલા ફોર્મ પાછા સ્વીકારવાની ફાઇનલ તારીખ

## સોમવાર તા.૨૫.૩.૨૦૧૩

અત્યાર સુધી ૨૦૦૦ થી વધુ જણના ફોર્મ બાકી હોઇ સર્વેને નમ્ર વિનંતી કે આપશ્રીને ઉપરોક્ત તારીખ પહેલાં ફોર્મ વ.પ.ની ઓફિસે પહોંચાડવા ભલામણ કરવામાં આવે છે. અન્યથા ૮મા વ.પ.માં આપશ્રીઓની માહિતી ઉપલબ્ધ નહી થાય તેની જવાબદારી આપની જ રહેશે. લેટેસ્ટ ટેકનોલોજી અને વેબસાઇટના માધ્યમે આપશ્રીની માહિતીઓ આપના ભાઇ/બહેન/દીકરી/સાસરાપક્ષ/મોસાળપક્ષની તમારા સાથે સબંધની કડી બતાવતા વડલાની ડાળીઓ અધુરી રહેશે. ઉપરાંત ફોર્મની માહિતીઓ પણ અધૂરી રહેશે.માટે તમારા માટે નહીં પણ તમારા કુટુંબની માહિતીઓ પૂરી કરવા માટે આપને આપના ફોર્મ જલદીથી મોકલવા વિનંતી છે.

જ્ઞાતિના આ ૮મા અને પુસ્તક સ્વરૂપે છપાનાર પ્રાય: છેલ્લા જ વ.પ.માં આપના સ્વજનોની યાદ જાળવવા માટે સૌજન્ય પટ્ટીનો નકરો હવે રૂા.૧૫૦૦/-કરવામાં આવ્યો છે માટે વહેલો તે પહેલો ધોરણે બુકીંગ કરવા વિનંતી છે. ઉપરાંત જેમણે રૂા.૩૦૦૦/- ભર્યા છે. તેમને વધારાનું એક નામ અમને જણાવવા વિનંતી છે. અમને મળેલ ફોર્મમાં ખૂટતી વિગત જેવી કે નામ પ્રુફ/છુટાછેડાની વિગત/ફોટા/અન્ય વિગત અમે માંગેલ છે તે તુરંત મોકલવા વિનંતી છે.તે નહીં મળે તો ઉપલબ્ધ વિગતો જ જણાવાશે અને તેની જવાબદારી તેમની જ રહેશે તેની નોંધ લેશોજી.

સૌને સમયસર વ.પ. બહાર પડે તે માટે સહકાર આપવા વિનંતી છે.

શ્રી ક.દ.ઓ જૈન જ્ઞાતિ વ.પ.સ.વતી

માનદ્મંત્રી:વિનોદધુલ્લા (મો .૯૮૨૦૧૨૨૩૬૬) ના જય જિનેન્દ્ર

સંપર્ક : રમેશ મોતા : ૦૯૮૧૯૬૫૫૨૫૯ ડુંગરશી મૈશેરી : ૦૮૮૯૮૨૭૭૭૬૬

કાર્યાલય : સંપર્ક નં : ૯૯૨૦૮૫૫૨૫૯/૭૨૦૮૦૦૦૮૩૩/૯૬૧૯૩૪૩૭૯૩/૮૬૫૫૨૧૨૪૧૧

Email id : kdovasti@gmail.com

### કોના જેવું શું?

| | | |
|---|---|---|
| ૧) | શોધવા જેવી | શાંતિ |
| ૨) | રાખવા જેવી | હિંમત |
| ૩) | સુધારવા જેવી | જિંદગી |
| ૪) | પીવા જેવો | ક્રોધ |
| ૫) | દેવા જેવું | દાન |
| ૬) | લેવા જેવું | જ્ઞાન |
| ૭) | બોલવા જેવું | સત્ય |
| ૮) | જીતવા જેવું | પ્રેમ |
| ૯) | બાળવા જેવી | ઈર્ષા |
| ૧૦) | આપવા જેવી | ક્ષમા |
| ૧૧) | કરવા જેવો | ત્યાગ |
| ૧૨) | ગળી જવા જેવું | અપમાન |

**-સૌ. અંજુ લહેરચંદ નાગડા** (યવતમાલ)

**કોયડો:** ખેતશીભાઈ અને ખેતબાઈ પતિ-પત્ની છે. તેમને ત્રણ જોડિયા બાળકો છે. ખેતશીભાઈ ખેતબાઈની ઉંમર સરખી જ છે. તે ત્રણ બાળકોની ઉંમર પણ સરખી જ છે. ઉંમરનો સરવાળો કરો તો આંકડો થાય છે ૧૦૦ (સો) તો બધાની ઉંમર શોધો.

મોકલનાર **પ્રેમચંદ શામજી મોમાયા** (સાંયરા)

જવાબ : પતિ-પત્ની દરેક ૩૮ વર્ષ એટલે કે બન્નેના મળી ૭૬ વર્ષ + ત્રણે બાળકો દરેકના૮ વર્ષ મળી ૨૪ વર્ષ એટલે કે કુલ ૧૦૦ વર્ષ

**લગ્ન સંબંધી:** ૧૯૮૮માં જન્મેલ ૧૬૧ સે.મી. એટલે કે ૫ ફૂટ ૪ ઈંચ ઊંચાઈ ધરાવતી ન્યુટ્રીશન અને ડાયેટિક્સ (પોષણ અને વજન નિયંત્રણ) વિષયમાં એમએસની ડિગ્રી ધરાવતી ફ્રેંચ ભાષામાં નિષ્ણાત સુશીલ, સંસ્કારી કન્યા માટે સુશિક્ષિત, વેલસેટલ યુવકોના પરિવારો સંપર્ક કરે : મો. 09791802606

## લીગલ નોટીસ

મોજે ગામ વાંકીમાં સમતા **ઈન્ફ્રાકોન પ્રા. લી.** દ્વારા ચાલતી રેસીડેન્સીયલ પ્લોટની સ્કીમ **"સમતા ધ સીટી"** ના તમામ માનવંતા ગ્રાહકમિત્રોને આથી જાણ કરવામાં આવે છે કે "સમતા ધ સીટી" ને ૨ વર્ષ પૂર્ણ થાય છે. અને અત્યાર સુધીના તમામ હપ્તા જે મિત્રો રેગ્યુલર ભરે છે, તેવા તમામ મિત્રોને એપ્રિલ મહિનામાં એક સ્પેશીયલ ડ્રોમાં એક આકર્ષક ગીફ્ટ આપવામાં આવશે.

એવી જ રીતે જે મિત્રોના માર્ચ મહિનાની ૨૫ તારીખ સુધીમાં ત્રણ હપ્તાથી વધારે હપ્તા બાકી હશે તેવા તમામ મિત્રોની મેમ્બરશીપ બુકીંગ રદ કરી દેવામાં આવશે. અને અગાઉ તા. ૧૮.૧૦.૧૨ની અપાયેલ નોટીસનાં અનુસંધાને સ્કીમ પૂર્ણ થયે પ્લોટની કિંમતનાં ૧૦ ટકા કપાત કરી બાકીની રકમ પરત આપવામાં આવશે.

ઉપરોક્ત નોટીસના ૭ દિવસમાં જે પણ ગ્રાહકમિત્રોને વિશેષ પૂછવાનું કે જાણવાનું હોય તો નીચેના સરનામે લેખીત અથવા ફોનથી સંપર્ક કરવો. તા. ૨૫-૩-૧૩ પછી જે પણ સભાસદનાં પ્લોટ કેન્સલ થશે ત્યારબાદ ડીફોલ્ટર સભાસદનું કોઈપણ જાતનું સુચન સાંભળવામાં આવશે નહીં. જેની નોંધ લેશો.

એજન્ટમિત્રોને પણ સુચન કરવામાં આવે છે કે ગ્રાહકની રકમ મળ્યેથી તુરંત જમા કરાવવાની અને રસીદ લઈ લેવાની. રકમ મોડી જમા કરાવનારનું કમીશન કાપી નાખવામાં આવશે. અને જે ગ્રાહક એજન્ટ મારફતે પોતાના હપ્તા જમા કરાવે છે, તે ગ્રાહકના હપ્તા કંપનીમાં જમા નહિ થાય અને પ્લોટ રદ થશે તો તેમાં કંપનીની કોઈપણ જાતની જવાબદારી રહેશે નહીં.

સંપર્ક કરવા વિનંતી
**સમતા ઈન્ફ્રાકોન પ્રા. લિ.**
પ્લોટ નં. ૯૩/૯૪, વોર્ડ-૬બી, આદીપુર-કચ્છ.
લી. **પ્રદિપ આણંદજી ખોના**-ડાયરેક્ટર
તા. ૫-૩-૧૩


## પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર

| પ્રકાર | સાઈઝ | કલર | બ્લેક-વ્હાઈટ |
|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | ૭,૦૦૦ | ૪,૦૦૦ |
| અડધું પાનું | 160 x 111 mm | ૪,૦૦૦ | ૨,૨૫૦ |
| પા પાનું | 77 x 111 mm | ૨,૫૦૦ | ૧,૨૫૦ |
| ૧/૮ પાનુ | 77 x 54 mm | - | ૭૦૦ |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | - | ૩૫૦ |




## મરમજા મોતી : બે પંક્તિમાં અંકિત કવિ "તેજ" ની અમૃતવાણી... (૨૪)

**- સોમ ધરમશી** (કચ્છ)

**છિલકીનેં છતા થીએં આખર તાં ડંભી**
**"તેજ" છનોડ જલે કિતરો જેં કે થુંવરેં જી થંભી**

શબ્દાર્થ : છતા=ખુલ્લા, ડંભી=દંભી, ઢોંગી, છનોડ= કામચલાઈ છાપરું, થુવર=થોર.

ભાવાર્થ : જીવ, જગત, માયા અને જે વિષયો તર્કાતીત છે, જેને બુદ્ધિથી સમજાવી શકાય તેમ નથી, એને એકાદ સાખી કે બે પંક્તિના પદમાં મૂકી સંત કવિઓએ સમજાવવાનો પ્રયાસ કરેલ છે.

કવિશ્રી તેજ પણ જિંદગીનાં રહસ્ય કે વહેવાર સમજાવવા પોતાની જાણકારી, અનુભવ કે સુઝ-સમજનો ઉપયોગ કરી મર્મીલી વાણી દ્વારા આપણી સમક્ષ એ ગહન રહસ્યો સહજ રીતે રજુ કરે છે જેનો ભાવાર્થ મેળવવા આધ્યાત્મના અતિ ઊંડા પાણીમાં ઉતરવું પડે.

ઉપરોક્ત પંક્તિમાં કવિ મદમસ્ત બની છલકાઈ જતા દંભી, ઢોંગી લોકોના માનસપટ અને વ્યવહાર પર પ્રહાર કરે છે. માણસને પોતાની પાસે વૈભવ ના હોય, કોઈ સત્તા ના હોય તે છતાં છલકાઈને પ્રદર્શન કરવાનો શોખ હોય છે એવી લાલસા હોય છે. તો કેટલાક "ખાલી ચણા વાગે ઘણા" જેવી પ્રકૃતિ ધરાવતા હોય છે.

કવિશ્રી છનોડની ઉપમા સર્જી કહે છે કે આ કામચલાઉ છાપરા કેટલા સુધી ટકી શકે? કારણ કે તેમનો ભાર થુવર જેવી વનસ્પતિ જે દેખાવમાં સુંદર પણ ભાર ઝીલવામાં નકામી હોય છે, તેના પર અવલંબીત હોય છે. પવનના એક ઝાપટે આવા છનોડ પડી જાય છે. ઝપાટાથી બચવા માણસે યોગ્ય માન મર્યાદામાં રહેવું જોઈએ.

દંભી માનવી ભલે પોરસાય છલકાય પોતાની ખોટી બડાસ મારે ખોટો ગર્વ લે પણ અંતે એક દિવસ તેની પોલ ખુલ્લી પડી જાય છે. અને તેની ઈજ્જતના સમાજમાં રેવડી દાણા થઈ જાય છે. કવિશ્રી આથી જીવનમાંથી દંભીપણાનો ત્યાગ કરવાનું કહી માનમર્યાદામાં રહેવાની શીખ આપે છે.

માણસનો અહમ્ એટલે કે "હું પણું" અને છળકપટ એના વિકાસમાં અવરોધરૂપ બને છે. મનુષ્ય વિવેક ચુકીને આપવડાઈ કરે છે. આ સંદર્ભમાં સંત કબીરનો દુહો યાદ કરવા જેવો છે.

***એક સીસકા માનવા, કરતા બહુ તક હીસ***
***લંકાપતિ રાવન ગયા, બીસ ભુજા, દસ સીસ***
સીસકા=મથાવાળો, હીસ=અભિમાન

## શ્રી પદમશી લખમશી લાલકાનું અભિવંદના સમારોહ

સમારંભની શરૂઆતમાં ગાંધીધામ મહાજનશ્રીનાં પ્રમુખ શ્રી મીતેશભાઈ ધરમશીએ એમનો ટૂંકમાં પરિચય આપ્યો હતો, અને આદિપુર-ગાંધીધામ વિસ્તારમાં જુદી જુદી સંસ્થાઓ, જેવી કે આદિપુર દેરાસરજી અને ઉપાશ્રય, વિવિધલક્ષી સભાગૃહ, ભારતનગર આવાસ યોજના, ભારતનગર દેરાસરજી અને ઉપાશ્રય, મહાજનવાડી, ભુજમાં એકમ ભવન, શેઠશ્રી નરશી નાથા બાળાશ્રમ-ગાંધીધામ શાખા અને અંતરજાળ મહાવીરનગર આવાસ યોજનામાં એમણે તન, મન અને ધનથી જે સેવાઓ આપી છે તેનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે શિક્ષણ પ્રસારક સમિતિ ટ્રસ્ટને આપેલ માતબરલ અનુદાનનો પણ ઉલ્લેખ કર્યો હતો, તથા તેઓ ભારતભરમાં પ્રખ્યાત જૈન તીર્થ એવા ભદ્રેશ્વર-તીર્થમાં કેટલાય વર્ષોથી મેનેજિંગ ટ્રસ્ટી તરીકે સેવાઓ આપી રહેલ છે, તેનો પણ ખાસ ઉલ્લેખ કર્યો હતો. આમ શ્રી પદમશીભાઈ લાલકાની કેટકેટલાય વર્ષોની દીર્ઘ સેવાઓ બદલ ગાંધીધામ મહાજનશ્રીએ એમને "સમાજ શિલ્પી" નું બિરુદ આપીને એમની ખાસ નવાજેશ કરી હતી, અને એમના સેવાકીય જીવનમાંથી સૌ જ્ઞાતિજનોને પ્રેરણા લેવા માટે ખાસ અપીલ કરી હતી.

પ્રત્યુતરમાં પોતાનો નાનપણનો પરિચય રમુજમાં આપ્યો હતો. એમણે કહ્યું કે હું સામાન્ય કુટુંબમાંથી આવું છું, અને મારું શિક્ષણ શેઠશ્રી નરશી નાથા બાળાશ્રમ, મુંબઈ વિદ્યાર્થીગૃહ અને શિક્ષણ પ્રસારક સમિતિની લોનની સહાયથી તેમજ મે. ખીમજી કુંવરજીની કંપનીની ઉદાર મદદથી સી.એ. સુધીનો અભ્યાસ કરી શક્યો. આ સંસ્થાઓ ન હોત તો કદાચ હું ગામડામાં જ સામાન્ય માણસની જેમ રહેતો હોત. એમણે એક ટેક્ષ સેમીનારમાં જ્યાં પોતે વક્તા હતા, ત્યારે પ્રમુખસ્થાને બિરાજેલ અમદાવાદ મિલ ઓનર્સ એસોસીએશનના પ્રમુખ સ્વ. શ્રી પ્રાણલાલ શેઠએ કહેલા શબ્દો એકદમ અસર કરી ગયા હતા. સ્વ. શેઠે કહ્યું હતું કે આપણે જે કઈપણ છીએ, તે સમાજને આભારી છે, તો આપણી પણ સમાજ પ્રત્યે ફરજ રહે છે. અને સમાજે જે આપ્યું છે, તે ઋણ છે, અને તે ઋણ સમાજને ચુકવવાની આપણી જવાબદારી છે, મેં જે કંઈપણ કર્યું છે, તે સમાજે મને આપેલ, તેના ઋણ પેટે કર્યું છે. સમાજે મને ઘણું આપ્યું છે અને તમારી સમક્ષ આજે હું ઊભો છું, તે સમાજે મને આપેલી તાકાત છે, સમાજે મને આપ્યું છે, તેના પ્રમાણમાં મેં ઘણું ઓછું કર્યું છે.

હું જ્યારે ગાંધીધામ આવ્યો, ત્યારે આપણા ચાર ઘર હતા, આજે બસોથી વધારે ઘરોની આપણી વસ્તી થઈ ગયેલ છે. અમોએ બધાયે મળીને લગભગ ૧૫૦ ભાઈઓને નોકરી-ધંધામાં સ્થિર કર્યા છે. પહેલા રોટી અને કપડા જોઈએ પછી આવાસનો સવાલ આવે, તે પ્રશ્ન પણ લગભગ આપણા બે-ત્રણ અપવાદ સિવાય આટોપાઈ ગયેલ છે. આ વખતે એમણે બાંગ્લાદેશનાં યુદ્ધનો દૃષ્ટાંત આપી કહ્યું કે ખિતાબ તો ફિલ્ડ માર્શલ માણેકશાને મળ્યો હતો, પણ ખરેખરા લડનારા સૈનિકો અને સરદારો હતા, તેમજ આ જે કઈ કામો થયા છે, તેમાં કચ્છ-એકમ, મહાજનશ્રી, મહિલા મંડળ, યુવક મંડળ અને લાભાર્થીઓનો ફાળો છે, હું તો માત્ર નિમિત છું. હજુ પણ ત્રણ ઘર તેમજ ગૃહ ઉદ્યોગગૃહ બનાવવાના છે. આવાસ યોજનાની વિગતો આપતા તેમણે જણાવે કે લગભગ રૂા.૧ કરોડ જ્ઞાતિભાઈઓએ અનુદાનમાં આપ્યા છે, અને સમાજના ભાઈઓએ આપેલ અનુદાન માટે તેમનો આભાર માન્ય હતો, અને એમની આ ઉદાર દિલની સહાયથી આ કાર્ય પૂર્ણ થઈ શક્યું છે, એવો સંદેશ આપેલ હતો. આટલી મોટી માતબર રકમ સમાજમાંથી એકઠી કરવા માટે પ.પુ. સાધુ-સાધ્વીજી ભગવંતો અને ખાસ કરીને પ.પુ.સાધ્વી ભગવંતશ્રી મહોદયાશ્રીજી મહારાજ સાહેબ, એમના શિષ્યા પ.પુ. સાધ્વીશ્રી યશોદયાશ્રીજી મહારાજ સાહેબ અને પ.પુ. સાધ્વીશ્રી મુક્તીશ્રીજી મહારાજ સાહેબ આદિ સાધ્વી ભગવંતોનો સિંહ ફાળો છે, એમ તેમણે જણાવ્યું હતું.

ગાંધીધામ વિસ્તારની જે ત્રણ યોજનાઓ મહાજનવાડી, ભારતનગર દેરાસરજી તેમજ અંતરજાળ મહાવીરનગર આવાસ યોજનામાં આપણી જ્ઞાતિના જગડુશા શેઠશ્રી રાયચંદ હંસરાજ ધરમશીનો સિંહ ફાળો રહેલ છે અને તેમની ઉદાર સખાવતથી આ ત્રણેય યોજનાઓ સુપેરે પાર પડી છે, તેનો ઉલ્લેખ કર્યો હતો અને જગડુશા સમાન શેઠશ્રી રાયચંદભાઈનો ખુબ ખુબ આભાર માન્યો હતો.

આવાસ યોજનામાં પહેલા જે ૪૦ આવાસો બન્યા, તેમાં લગભગ સરેરાશ રૂા.૬૦,૦૦૦ની સહાય અપાઈ અને પાછળનાં જે ૧૮ આવાસો બન્યા તેમાં લગભગ સરેરાશ રૂા.૩૬૧,૦૦૦ની સહાય આપવામાં આવી છે, હજુ પણ રૂા. ૧૫ લાખ જેવી પુરાંત છે, તેમાં હજુ પણ ઉપર જણાવ્યા પ્રમાણે આવાસો અને ગૃહ ઉદ્યોગગૃહ બનાવવાનાં છે, જેનું કામ પણ તાત્કાલિક શરૂ થઈ જશે, એમ તેમણે જણાવ્યું હતું. તેમણે પોતાની આ પ્રગતિમાં આપેલ ખાસ ફાળામાં સ્વ. શેઠશ્રી ગોવિંદજી જેવત ખોના, સ્વ. શ્રી પુનશી દામજી ખોના, સ્વ.શ્રી વેરશી માડણ મૈશેરી, સ્વ. શ્રી ગોવિંદજી પુનશી મોમાયા, સ્વ. શ્રી ખીમજીભાઈ કુંવરજી વિકમશી, સ્વ. શેઠશ્રી ભવાનજી અરજણ ખીમજી, શેઠશ્રી રાયચંદ હંસરાજ ધરમશી અને શ્રી શિવજીભાઈ કુંવરજી વિકમશીનો ખાસ ઉલ્લેખ કર્યો હતો. પોતાના પ્રવચન-પ્રત્યુતરનાં અંતે પોતાના ગાંધીધામ મહાજનશ્રીનાં પ્રમુખ તરીકેના કાર્યકાળ દરમ્યાન જે જે યોજનાઓ બનાવવામાં આવી તેમાં જ્ઞાતિભાઈઓએ જે સુંદર સાથ, સહકાર અને ટેકો આપેલ, તે બદલ સર્વે જ્ઞાતિભાઈઓને આભાર માનેલ અને અંતમાં ગાંધીધામ મહાજનશ્રી દ્વારા આપવામાં આવેલ સમાજ શિલ્પીના બિરૂદ બદલ મહાજનશ્રીનો આભાર માન્યો હતો.

*(કાર્યક્રમની તસ્વીરો પ્રથમ કવર પર)*

## નારી રત્ન : આદર્શ વીર રમણી સૌ. રતનબાઈ વીરજી ગંગાજર - શ્રી દેવજી દામજી ખોના

(ઠક્કર નારાયણ વશનજી સંપાદિત "મુલુંડની હિન્દુ મહિલા અથવા રમણી રત્ન રત્નદેવી" પુસ્તકમાંથી આ જીવન ચરિત્ર સંકલિત કરવામાં આવ્યું છે.)

શ્રી રતનબાઈનો જન્મ વારાપધરના શ્રી મેઘજી રતનશી છભાયાને ત્યાં સં. ૧૯૪૮ (ઈ.સ. ૧૮૯૨) માં થયો હતો. વડીલબંધુઓ શ્રી મેઘજી કાનજી ધુલીઆવાળા તથા શ્રી લાલજી મેઘજી હૈદ્રાબાદવાળાના એકના એક નાના બહેન હોવાથી ને એમના જન્મ પછી, કુટુંબમાં રિદ્ધિસિદ્ધિની વૃદ્ધિ થવાથી શ્રી રતનબાઈ સૌના વહાલસોયા હતા.



કેળવણીનો એ સમયે બહુ પ્રચાર ન હતો છતાં ઘરના સંસ્કારોને લઈને આદર્શગૃહિણી તરીકેનું શિક્ષણ એમને નાનપણમાં જ મળ્યું હતું. ચૌદ વર્ષની વયે બાંઢીઆવાળા શા. વીરજી ગંગાજર મૈશેરી સાથે એમનું લગ્ન થયું હતું.

સ્વસુરગૃહે એમણે પોતાના નજીકના તથા દૂરના વિભક્ત સગાંવહાલાંઓને પોતાનાં લગ્ન બાદ પોતાની પાંખમાં લીધાં. નાના મોટા અનેકને પાળી, પોષી. ભણાવ્યા અને આ રીતે સંયુક્ત કુટુંબ પ્રથાનું એક જવલંત ઉદાહરણ એમણે સમાજ સમક્ષ રજૂ કર્યું છે.

એમને કંઈ સંતાન ન હોવાથી પોતાના ભત્રીજા (જેઠના દિકરા) જેઠાભાઈની એકની એક પુત્રી જયવંતીબાઈને ઉછેરી, ભણાવી ગણાવીને પોતાના (ભાઈના દીકરા) શ્રી ગુલાબચંદ ભવાનજી સાથે જૈન વિધિ અનુસાર પરણાવી. એમને ધર્મ પ્રત્યે પણ ખૂબ અભિરૂચી હતી દેવદર્શન, સ્વાધ્યાય ધ્યાન, મુનિવરો-સાધ્વીશ્રીઓની વૈયાવચ્ચ નિયમિત કરતાં. તિર્થયાત્રાઓ પણ ઘણી કરી હતી ને સ્વર્ગવાસ અગાઉ પાંચ વર્ષ પૂર્વે એમના પતિની સંમતિથી બ્રહ્મચર્ય વ્રત અંગીકાર પણ કર્યું હતું.

સામાજીક ક્ષેત્રે એમના વિચાર ખૂબ પ્રગતિશીલ હતા. બાળલગ્ન, ઘુંઘટો તાણવાની કુરૂઢી, રડવાકુટવાની પ્રથા એમને પસંદ ન હતા. પણ એઓ વિધવા વિવાહના હિમાયતી ન હતા એટલું જ નહિ પણ એના કટ્ટર વિરોધી હતા.

પોતે કેળવણી લઈ શક્યા ન હતાં, પણ કેળવણીના એ આગ્રહી હતા. મુલુંડમાં તે સમયે બાળકોના શિક્ષણ માટે કંઈ પણ સાધન નહોતાં એમને શાળા સ્થાપવાનો વિચાર સ્ફુર્યો ને એ માટે મળેલી સભામાં ફાળાના શરૂઆત એમણે જ રૂા. ૫૦૦ પ્રથમ જાહેર કરી કરાવી. પછી તો ફાળો આગળ વધ્યો, ઉપરાંત બે હજાર ચોરસવાર જેટલી જમીન ખરીદીને શાળાને ભેટ આપી એમનાજ આગ્રહથી આ શાળામાં ગુજરાતી તથા મરાઠી ભાષાનું શિક્ષણ આપવાનું નક્કી થયું. અને થાણા જીલ્લા બોર્ડે એમની આ સેવાની કદર રૂપે શાળાને શ્રીમતી રતનબાઈ વીરજી ગંગાજર ગુજરાતી-મરાઠી બોયઝ એન્ડ ગ્લર્સ સ્કુલ નું

(અનુસંધાન ૨૦મા પાને...)

### રસિક રમણી

રજકણમાંથી રત્ન બનાવે,
રસિક ચતુર રમણી!
અહો! એ રસિક ચતુર રમણી!

ધન્ય ગૃહિણી જે કરે જીવનની-
સરળ રહેણી કરણી;
અહો! એ રસિક ચતુર રમણી!

મનહર વશકરણી હસમુખી-
ફરફરતી હરિણી,
અહો! એ રસિક ચતુર રમણી!

પ્રણય ચેતને કરે મઢુલી-
વિજળી સમ ઉજળી;
અહો! એ રસિક ચતુર રમણી!

રંક પતિનું રળતર લક્ષગણું-
ચતુરા ગણતી,
અહો! એ રસિક ચતુર રમણી!

સ્પર્શ થકી પંચામૃત કરતી
રસાયણી રસિલી;
અહો! એ રસિક ચતુર રમણી!

જનની ભગિનીના ભાવ સ્મરાવે
અજબ અમી ઝરણી,
અહો! એ રસિક ચતુર રમણી!

હર બહાને હૈયાને હળવું-
કરે રમુજી રમણી
અહો! એ રસિક ચતુર રમણી!

*તેમના અવસાન વખતે વિવિધ કોમો તથા નેતાઓ તરફથી જેમને શ્રદ્ધાંજલિ અર્પતા અનેક પત્રો મળેલા તેમાનોં લલિતજીનો કવિતા સ્વરૂપે મળેલ પત્ર*

॥ શ્રી ચિંતામણી પાર્શ્વનાથાય નમઃ ॥ ॥ શ્રી આદિનાથાય નમઃ ॥ ॥ શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથાય નમઃ ॥

# શ્રી અચલગચ્છીય ઐતિહાસિક છ'રીપાલક યાત્રા સંઘની ભૂરી ભૂરી અનુમોદના....

પૂ. તપસ્વીરત્ન અચલગચ્છાધિપતિ આચાર્ય ભગવંત શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજીની નિશ્રામાં, સંઘ-સંઘપતિ-શ્રેષ્ઠીઓની ઉદાર ભાવનાએ છ'રીપાલક યાત્રા સંઘનું વિરાટ આયોજન સાકાર થયું. કચ્છના પાટનગર ભુજ શહેરના ૪૦૦ વર્ષ પ્રાચીન ચિંતામણી પાર્શ્વનાથ દાદાના દરબારેથી છ'રીપાલક સંઘે તા. ૨૨.૧.૧૩ના પ્રયાણ આદર્યું.

પૂ.ગુરૂદેવશ્રી મુનિભગવંતો, સાધ્વીજી ભગવંતો, તપસ્વી-આરાધકો જેઓ સંઘની જાહેરાતે સંઘમાં જોડાઈને સાથે સ્વયંસેવકોએ સતત સેવાભાવનાથી આ વિરાટ આયોજનને **નિત નવા ગામ-નિત નવા મુકામે** પહોંચતા પહોંચતા, કચ્છ-વાગડ-આડેસરના આદેશ્વરદાદાને જુહારી, બનાસકાંઠાના સાંતલપુર, રાધનપુર તિર્થ, (૨૬ જૈન દેરાસરજીઓ શોભે છે.) એવા પ્રાચીન તિર્થો નગરોને જુહારતાં-જુહારતાં વઢાયાર દેશે પ્રગટ પ્રભાવી **શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ દાદાના દરબારે-મહાતિર્થે સંઘ** મુકામ કરી છ'રીપાલક સંઘનું પહેલું સોપાન નિર્વિઘ્ને પુર્ણ કરી, શંખેશ્વર સુધીના સંઘપતિઓની સંઘમાળ તથા કાર્યકરો-યાત્રિકોનું બહુમાન વિગેરે શાંતિથી પાર પાડી, સંઘે, પહેલા સોપાનમાં કચ્છ પ્રદેશના-રણ પ્રદેશની ખાસ પાટ ભૂમિઓની તેમની કાયા થકાવટને વિસરી જઈ, સંઘમાં નવા યાત્રિકો જોડાઈને સંઘે શાશ્વતા સિધ્ધાચલજીતિર્થની સંઘ યાત્રા શરૂ કરી.

નળકાંઠાના નગરો-પ્રદેશો વિચરી, આપણી ઐતિહાસિક કર્ણાવતી નગરીને અર્ધગોળાકારે વંદતા વંદતા ભાલકાંઠાના સાણંદ (ટાટાની નેનો કારની ફેક્ટરી), બાવળા-જેવા વિસ્તારમાં વિહાર કરી, ધોળકા કલીકુંડ મહાતિર્થે પૂજા-દર્શન-વંદન કરી સંઘનવા ઉત્સાહ જોમમાં આવી, રોજના રાબેતા કાર્યક્રમે વિચરતો રહ્યો.

શત્રુંજયની પ્રાચીન તળેટી વલ્લભપુર તિર્થને જુહારી, રણ જંગલોમાં તેમજ લાંબા વિહારોને વિસરી જઈ, અલબેલા ઊંચા ઊંચા આદેશ્વરદાદાના આર્ય જૈન તિર્થ **અયોધ્યાપુરમે** પહોંચ્યો.

પૂ. ગુરૂદેવની પ્રેરણા અને સોનગઢ ગુણોદય તિર્થધામના સ્વપ્ન દ્વારા મુનિ ભગવંતો સાથે સકળ સંઘે ગામનગરના સ્વાગત સામૈયા તેમજ પાલીતાણાથી પધારેલા મહાનુભાવોની ઉપસ્થિતિએ સંઘપતિ પરિવારો સાથે સંઘે ગુણોદયતિર્થધામમાં પ્રવેશ કર્યો. શ્રી જીરાવલ્લાદાદાને જુહારી, સંઘે ગુરૂભગવંતો સાથે શ્રમણ ઉપાશ્રયે ગુરૂવંદન કર્યા. શ્રમણી ઉપાશ્રયે સાધ્વીજી ભગવંતો આનંદિત થઈ વિરામ કર્યો ગુણોદયતિર્થધામની ભોજનશાળાએ સંઘની ત્રણે ટાઈમની ભક્તિ રહી. સોનગઢ નગરના ધુંઆબંધ જમણના આયોજને ગામના સ્કુલ આશ્રમ શાળા, વિદ્યાલયો તેમજ નગરજનોએ લાભ લઈ આનંદ અનુભવ્યો.

પાલીતાણાના પાદરે ૧૭૦ જિન મંદિરો સંકુલના અઢીદ્રીપ તિર્થે સંઘે દીક્ષાર્થી નેહાબેનના વિદાય સમારંભમાં ''પાપનું વિસર્જન-સંયમનું સર્જન'' કાર્યક્રમ માણ્યો.

જે સોનેરી નવલી પ્રભાતની આતુરતા હતી તે સિદ્ધાચલજીતિર્થે સંઘે વાજતે-ગાજતે પ્રવેશ સામૈયા, તથા દીક્ષાર્થી નેહાબેનના વરસીદાન વરઘોડા સાથે ઢોલનગારા, બેંડ શરણાઈ-બગીઓ-ઘોડાઓ ઊંટગાડીમાં બિરાજમાન સંઘપતિઓ સાથે શ્રાવક શ્રાવિકાઓ એ અતિઆનંદને સંઘને તિર્થ પ્રવેશ કરાવ્યો

પૂજ્યશ્રીએ બીજા દિવસે મંગલાપ્રભાતે ગીરિરાજ ચઢી, દાદાના દરબારે દર્શન સંઘમાળ, સંઘ પુર્ણાહુતિ કરાવી.

આવા અતિ લાંબા ૪૧ દિવસોમાં વિહારો-રોજની રોજનીશી-દેવવંદન, ગુરૂવંદન, વ્યાખ્યાન, પ્રતિક્રમણોની દરેક ક્રિયાઓ સાથે સુખરૂપ પુર્ણતાને પામ્યું. પૂ. ગચ્છાધિપતિશ્રીના ચરણે કોટીકોટી વંદનો...

**રામજી લાલજી ખોના, નલીયા તિર્થ** (અનંતછાયા-ઘાટકોપર)
**હીરાચંદ લક્ષ્મીચંદ છેડા, સુથરી તિર્થ** (છેડા ટ્રાવેલ્સ-ભુજ)
**હસમુખ ખીમજી પોલડીયા પરિવાર** (બીદડા-થાણા)
**હીરાચંદ કુંવરજી કુરૂવા, ગોધરા** (મસ્જીદ બંદર)
**મુરજી નરશી મોતા-લાલા તિર્થ** (વર્ધમાન નગર)

સૌજન્ય : **શેઠ નરશીનાથા ચેરીટી ટ્રસ્ટ ફંડ,** પાલીતાણા- ફોન 02848 /252186

## આરોગ્ય પ્રકાશ : પીચોટી એટલે નાભિ ચિકિત્સા-પ્રવીણ ખોના (મુંબઈ)

*(અંક નં. ૯થી શેષ ભાગ)*

**જીવનચર્યાની આધાર નાભિ :** જેમ કમળ સૂર્યપ્રકાશમાં ખીલે અને સાંજ પછી બીડાઈ જાય તેમ નાભિતંત્ર દિવસે સક્રિય રહે અને રાત્રે તેની ક્ષમતા અપેક્ષાભાવે ઓછી થઈ જાય છે. એ રીતે નાભિ જીવનચર્યાની આધારશીલા છે. પાચનતંત્ર પણ એ રીતે દિવસે કામ કરે રાત્રે મંદ થઈ જાય. એટલે જ સૂર્યાસ્ત પહેલા જમી લેવું જરૂરી હોય છે.

**નાભિ કેન્દ્રમાંથી સરકવાનો પ્રભાવ :** નાભિ અસંતુલનનું કારણ ખોટી રીતે ઉઠવા-બેસવા-ચાલવા-ફરવાં, વજન ઉંચકવા, શ્વસન ક્રિયા કરવા કે અન્ય પ્રવૃત્તિઓને કારણ નાભિ કેન્દ્રબિંદુથી સરકી જાય છે.

**તણાવનો નાભિ પર પ્રભાવ :** ખોટા ખાન-પાન અને જીવનશૈલીની સાથે દરરોજ ચિંતાઓ, દુઃખ, તણાવ, આવેગ, ક્રોધ, દ્વેષ-ઘૃણા વગેરે પ્રવૃત્તિઓ થકી શરીર પર વિભિન્ન અસરો થાય છે. આવા વિકારોનો પ્રભાવ નાભિકેન્દ્રમાં જમા થાય છે જેના દુષ્પરિણામ થાય છે. જો આ દુષ્પ્રવૃત્તિઓનું પ્રાયશ્ચિત અને સમ્યક ચિંતન કરવામાં આવે તથા સમભાવપૂર્ણ જીવન જીવવામાં આવે તો ભવિષ્યમાં આ દોષોના દુપ્રભાવથી બચી શકાય છે. આ કારણે જ જૈન સાધુઓ અને શ્રાવકો માટે દરરોજ


શ્રી રાયચંદ હંસરાજ ધરમશી ચેરિટેબલ ટ્રસ્ટ,
શ્રી કીરીટ લક્ષ્મીચંદ લાપસીયા પરિવાર દ્વારા
અને શ્રી ક.દ.ઓ. જૈન સંઘ ભાંડુપ ના સથવારે

મેડીકલ કેમ્પ

(કેમ્પમાં ખાસ રાજકોટથી ડૉ. રાજેશ ઠક્કર સેવા આપવા પધારશે.)

હાડકાના દર્દીઓ માટે

ઘુંટણનો દુખાવો, સાઈટીકા, કમર,
ખભાનો દુખાવો, પગના તળીયા પેનીનો દુખાવો.
શુક્રવાર, તા. ૨૯/૦૩/૨૦૧૩
સવારે ૧૦.૦૦ થી ૫.૦૦ ક.

રજીસ્ટ્રેશન માટે સંપર્ક : અજય શાહ - ૯૮૯૨૩૭૨૭૭૭
સ્થળ : આદિ આરાધના ભવન, આદિનાથ જિનાલયની બાજુમાં,
અનંત સિધ્ધી, એલ.બી.એસ. માર્ગ, ભાંડુપ (વેસ્ટ).

ખાસ નોંધ : કેમ્પનો લાભ લેવા રજીસ્ટ્રેશન ફોન પર કરાવવું જરૂરી છે.
કેમ્પમાં પહોંચ્યા પછી રજીસ્ટ્રેશનના રૂા. ૫૦/- ભરવાના રહેશે.

કિડની ડાયાલીસીસના દર્દીઓ માટે તા. ૩૦ અને ૩૧ માર્ચ ના રોજ
શ્રી ચેમ્બૂર જૈન મેડીકલ રિલીફ સેન્ટર ખાતે રાબેતા મુજબ રહેશે.

સર્વે જ્ઞાતિજનોને કેમ્પનો લાભ લેવા અનુરોધ.


પ્રાતઃ અને સાયંકાલે પોતાના દોષોનું પરિપાર્જન કરવાના હેતુસર પ્રતિક્રમણ કરવું જરૂરી ગણાયું છે. પરંતુ ઘણીવાર મહીનાઓ અને વર્ષો સુધી ઘૃણા, દ્વેષ, ક્રોધથી ઉત્પન્ન થયેલ વિજાતીય તત્ત્વોને પ્રાયશ્ચિત અને સકારાત્મક વિચારધારાથી દૂર કરવાના પ્રયત્નો નહીં કરવાને લીધે નાભિની આસપાસની રક્તવાહિનીઓ એકબીજામાં ચોંટી જાય છે અથવા ગુચ્છાનું રૂપ લઈ લે છે તેથી નાભિકોષથી આખા શરીરમાં પ્રવાહિત થતી પ્રાણ-ઉર્જાના માર્ગમાં અવરોધ ઉત્પન્ન થાય છે. શરીર સંતુલનનો મુખ્ય આધાર નાભિકેન્દ્ર છે. નાભિકેન્દ્રમાં સ્થિત મણિપુર ચક્ર, બ્રહ્માંડમાંથી સર્વાધિક ઉર્જા ગ્રહણ કરે છે અને શેષ શરીર પણ જે પ્રાણ ઉર્જા ગ્રહણ કરે છે તે સર્વ પ્રથમ મણિપુર ચક્ર (નાભિ કેન્દ્ર) માંથી પસાર થઈને અન્ય ઉર્જાચક્રોમાં પ્રવાહિત થાય છે. ગર્ભકાળમાં ક્રમશઃ આકાર લઈ રહેલા શરીરમાં નાભિના માધ્યમથી જ પોષણ મળે છે. આથી નાભિની ધડકન પોતાના કેન્દ્રમાં ન હોય તો શરીર અસંતુલિત થવા માંડે છે.

શરીર સ્વાસ્થ્યનું સંતુલન કેન્દ્ર નાભિમાં છે. એટલે રોગ પ્રતિકાર માટે નાભિકેન્દ્ર સંતુલિત કેન્દ્રમાં હોવું જોઈએ. યોગ સાધનામાં નાભિકેન્દ્ર મધ્યવર્તી રાખવામાં આવે છે. જેથી સ્વાસ્થ્ય સારું રહે. સમ્યક આચરણ અને સકારાત્મક વિચારોથી જ સ્વાસ્થ્ય સારું રહે. લોહીમાં પણ એ થકી કોશિકાઓ નિર્માણ થાય છે. મન તંદુરસ્ત વિચારો કરશે તો તન તંદુરસ્ત રહે. એટલે નાભિના સ્પંદન સમપ્રમાણ હોય ત્યારે તબીયત પ્રસન્ન રહે છે. નાભિના આકાર બદલે ત્યારે શરીર બેચેની અનુભવે છે. વિજાતીય શક્તિ તત્વ વધે તેમ આરોગ્ય બગડે. એટલે જુના જમાનામાં પ્રથમ પિચોટી જગ્યા પર બેસાડવાના પ્રયોગ થતા અને શરીર સારું થતું હતું. એ રીતે નાભિ કેન્દ્રમાં છે કે નહીં તે તપાસવામાં આવતું. અને વિવિધ યોગ-કસરત-પ્રાણાયામ કરી નાભિ કેન્દ્ર-પિચોટી સંતુલિત કરી કેન્દ્રમાં લાવવામાં આવતી. ઋતુ, વાતાવરણ અને કામકાજ મુજબ નાભિ કેન્દ્રમાં રાખવામાં આવે તેમ પ્રયોગ કરવામાં આવતા. અને એનું પરિશ્રણ પણ કરાતું.

**નાભિને કેન્દ્ર સ્થાને રાખવાની વિધિ :** સવારે વહેલા નરણે કોઠે દર્દીને સીધા સુવડાવી દો. નાભિ આસપાસ વાળ હોય તો તે સાફ કરી લો અથવા પાણીથી ભીના કરી લો. ત્યારબાદ દર્દીને ચાર-પાંચ લાંબા શ્વાસ લેવા કહો. તે પછી નાભિમંડળ પર જલતો કાચમાં બંધ દીપક હલકા દબાણ સાથે રાખવામાં આવે. થોડીવારે દીવો ઓક્સિજન પુરું થતા ઓલવાઈ જાય છે. પણ તે

ગ્લાસ પેટમાં ચીપકી જાય છે. અને અંદરનો વાયુ નાભિ સ્પંદનને જગ્યા પર લાવવા ખેંચાણ કરે છે. જ્યારે નાભિ કેન્દ્રમાં આવે ત્યારે એ ગ્લાસ આપોઆપ હટી જાય છે. આવી રીતે તેની કેન્દ્રબિંદુની તપાસણી થાય છે. જેટલીવારમાં ગ્લાસ હટે છે તેટલીવાર નાભિક્ષેત્રના પ્રાણ ઉર્જાના પ્રવાહમાં અવરોધ થાય છે. જો નાભિસ્પંદન કેન્દ્રમાં હોય તો દીવો ઓલવાય ત્યારે પેટથી જકડાતું નથી અથવા તરત હટી જાય છે. (૨) ૨૫-૩૦ વાર ઉલ્ટી સાયકલીંગ, ૨૫-૩૦ વાર રાજારાણી આસન ઉત્તર પાદાસન) કે ૫-૬ નૌકાસન વિધિ કરવાથી. ત્યારબાદ સરખું ભોજન કરવામાં આવે. બીજો પ્રયોગ દબાણપંપથી પણ કરી શકાય છે તે જેટલું સહન થાય તેવી રીતે જ કરવું જોઈએ. (તે સ્થાન પર આવી શકે છે.) બીજી રીત સવારે નરણેકોઠે સીધા સુઈ પગના અંગુઠા સમાંતર લેવલ કરવાની પણ છે. ઉનાળામાં નાભિ પર બરફ રાખીને નાભિક્ષેત્ર સંકોચાય છે અને સરકેલી પિચોટી મૂળ સ્થાને આવે છે. આમ નાભિચક્ર શરીર વિજ્ઞાનમાં મહત્ત્વ રાખે છે.

સુસ્વાસ્થ્ય માટે નાભિકેન્દ્રની હંમેશા તપાસ કરાવી કેન્દ્રમાં રાખવું જોઈએ. તે માટે હંમેશા સજાગ રહેવું જોઈએ. આમ કરવાથી અસાધ્ય રોગ થવાની સંભાવના ઓછી થાય છે.

નાભિ પોતાની જગ્યા પર છે કે નહીં તેની જાણ માટે અનેક વિધિઓ થાય છે. અહીં મુખ્ય વિધિઓની પદ્ધતિ બતાવીએ છીએ. જે વ્યક્તિની નાભિની તપાસ કરવાની હોય તેને ચત્તાપાટ સુવડાવી દો. એ પછી તેના જમણા કે ડાબા હાથની પાંચે આંગળીઓથી એક સાથે મેળવીને નાભિ પર દબાણ આપતા રહો. જો નાભિ પોતાના સ્થાન પર હોય તો પાંચો આંગળીઓ વચ્ચે સ્પંદનનો આભાસ થશે. જો નાભિ જગ્યા પર ન હોય તો પાંચમાંથી કોઈ એક આંગળી નીચે સ્પંદન અનુભવાય છે. આમ કરતાં જે આંગળી નીચે સ્પંદન આવે ત્યાં જ તેનું કેન્દ્ર સ્થાન છે. પરંતુ જેમના પેટ મોટા અને કઠણ હોય તેમના નાભિકેન્દ્રનું સ્પંદન સહેલાઈથી મળતું નથી. તપાસ કરનારને ખાસો દબાણ કરીને કેન્દ્ર શોધવું પડે છે.

**નાભિકેન્દ્ર વ્યવસ્થિત કરવાની વિધિ :** રાત્રે સુતી વખતે નાભિકેન્દ્રમાં દેશી ગાયના શુદ્ધ ઘીના બે-ત્રણ ટીપા નાખવાથી કેન્દ્રના આસપાસથી વિજાતીય તત્ત્વ દુર થાય છે. નાભિની અંદર અને તેની ચારે તરફ મેથીદાણા રાખવાથી કે જરૂરતમુજબ ચુંબકનો મસાજ કરવાથી નાભિ સંબંધી રોગોથી ત્વરીત આરામ મળે છે. નાભિ કેન્દ્રને મૂળ સ્થાનમાં લાવવા માટે ભારતમાં અનેક પ્રયોગો પ્રચલિત છે, જે એટલા સરળ છે કે કોઈપણ અબાલવૃદ્ધ સહેલાઈથી શીખી શકે છે. નાભિ કેન્દ્રમાં સ્પંદન અનુભવથી તે પોતાના સ્થાન પર છે તે જાણી શકાય છે જો તે કેન્દ્રમાં ન હોય તો તેને સામાન્યતઃ ધરણનું ટળવું, પિચોટી કે નાભિ ખસકી ગઈ છે તેમ કહેવાય છે.

**નાભિના આકારથી રોગનિદાન :** નાભિ ચિકિત્સા શાસ્ત્ર ખુબ મહત્ત્વની વૈજ્ઞાનિક પદ્ધતિ છે. નાભિનું જીવનમાં અગત્યનું સ્થાન છે. જીવનની દરેક ઘટનાક્રમના એના પર પ્રભાવ પડે છે. એને હંમેશ સંતુલિત સ્થિતિમાં રાખવી જરૂરી છે. એ થકી આધ્યાત્મિક રીતે ઘણો લાભ થઈ શકે.

## કાવ્ય-પ્રકાશ : અડીખમ

૯૦ થયા તો શું થયું ઈમારત હજી પણ મજબુત છે
સાચા ઘી, દુધ ખાધેલ પીધેલ છે.
એ જમાનો જ્યારે ભાવ હતો સોનાના રૂા. ૨૫ તોલો
પચાવી જાણતા લાડુ સાત અને જમાનો હતો
શીરા, લાપસી એ સાચા ઘીનાં લાડુ-ભજીયાનો
એકી બેઠકે રોટલી ખાઈ જતાં હતા ૧૫-૨૦.
અને ચાલતા રહેતા ચાલતા રહેતા દીન-રાત
કર્મયોગ કર્યા હતા એ જમાનામાં જ્યારે
ભ્રષ્ટાચાર, કે ચોરી ચપાટી ન હતી.
ઝાડુ પોતા રસોઈ પાણી જાતે કરતા'તાં
કામમાં શરમ શેની? ઝાડુ પોતા અને વાસણ માંજવા
એ પણ કર્મયોગ જ છે.
કર્મયોગની સાથે સાથે ઘાટ ઘાટનાં પાણી પીવાં'તાં
ડુંગર ચઢવા ઉતરવા ત્યારે રમત વાત હતી
જ્યારે ઉંમર હતી ૨૫ની.
ફળ-ફૂલ અને શાકભાજી બધા કુદરતી
હવે તો જમાનો છે. કેમીકલ ને પાવડરનો
હવેના જમાનાના માયકાંગલા લોકો
શું ખાઈ શકશે લાડુ સાત કે પી શકશે દૂધ શેર પા,
આજે મીલાવટનો જમાનો છે.
તેલ, ઘીમાં ઢોરનો ટલ્લો, અને દૂધમાં ટૂથ પેસ્ટ
શાકભાજી અને ફળમાં કેમીકલ અને
આંબા પણ પકાવશે પાવડરથી
આ કેમીકલ અને પાવડરે
હણી લીધી છે માનવ શક્તિ
મરચાં ભૂકી માં લાકડાનું ભૂંસું દૂધમાં કોલગેટ
અનાજ ને સળતું રોકવા કેમીકલ અને પાવડર
આજના જમાનાનો માણસ શું ધૂળ પચાવી શકશે
સાચા ઘી ને દૂધ પછી કેમ વધશે શરીરની શક્તિ
આતો જમાનાનો ખાધેલ પીધેલ માણસ છે.
તેથી તો ૯૦માં પણ ઈમારત અડીખમ છે.

*(પુનામાં રહેલ લાલજીભાઈ મૈશેરીનું વ્યક્તિત્વ નિહાળીને સુઝેલ)*

– **માણેકજી કુંવરજી દંડ** (સાંતાક્રુઝ)

## ચર્ચાને ચોતરે
વાચકોના સ્વતંત્ર મંતવ્યો

### શેઠશ્રી નરશીનાથા બેંકવેટ હોલ, ભાંડુપ

છેલ્લા છ મહિનાથી અનંતસિદ્ધિ ભાંડુપમાં ગ્રાઉન્ડ ફ્લોરમાં એસી તથા ૧લે માળે નોનએસી હોલની મોનોપોલી ફાઈવસ્ટાર ડેકોરેટર્સને આપવામાં આવી છે. જ્ઞાતિજનો માટે પ્રાર્થના માટે ખુબ ઓછા દરે તથા ધાર્મિક પ્રસંગો માટે રાહત દરે ભાડે આપવામાં આવે છે એ ખુશીની વાત છે, પરંતુ ડેકોરેશનના બહાને અન્ય ખર્ચાઓ વધુ પ્રમાણમાં લેવામાં આવે છે, જે બરાબર નથી.

ઉપરાંત હોલની જાળવણી બરાબર થતી નથી. બાથરૂમની અંદર ગંદકી રહે છે. બહાર પગલુછણા નથી, સ્ટેજના પડદા-ઝાલર મેલા દેખાય છે. સ્ટેજની બન્ને બાજુ ખુરશી-સોફા રાખેલા હોવાથી રૂમ બરાબર વાપરી શકાતા નથી. નીચે જમવાની વ્યવસ્થામાં બહુ ગીચતા લાગે છે.

એસી હોલનું ભાડું ઉપરાંત વધારાનો કલાકના દરે એસીનો વધારે પ્રમાણમાં ચાર્જ લેવામાં આવે છે. ઠેકઠેકાણે ડેમેજ નજરે પડે છે.

ટ્રસ્ટી મહાશયોને આ બાબત ધ્યાનમાં લઈ યોગ્ય કારવાઈ કરવા વિનંતી છે.

**મુંબઈ, ૭.૩.૧૩ — હીરાલાલ હંસરાજ ડાઘા**

### પ્રકાશ-સમીક્ષાનું લવાજમ

પ્રકાશ-સમીક્ષા સાપ્તાહિકનું રૂપરંગ ખુબ સારું છે. દર અઠવાડિયે જ્ઞાતિના તાજા સમાચારો મળે છે. આ ઉપયોગી સેવા છે. એપત્રનું વાર્ષિક લવાજમ રૂા.૫૦ દરેક પરિવારે સામેથી જાગૃતિ દર્શાવી ભરવા એ ફરજરૂપ છે.

પ્રકાશ-સમીક્ષાના વાર્ષિક લવાજમ માટે પ્ર.સ. વ્યવસ્થાપકને ઠેકઠેકાણે માનદ પ્રતિનિધિઓ નીમ્યા છે. અને કર્યાલયે પણ સ્વીકારાય છે. તેમ છતાં વ્યસ્ત સમયમાં ઘણાં જણાંને લવાજમ ભરવાની અનુકૂળતા મળે તે હેતુસર હરે જ્ઞાતિની અન્ય સંસ્થાઓ-મંડળો પાસે તથા જ્ઞાતિનાં અન્ય જાહેર કાર્યક્રમોમાં કાઉન્ટર પર લવાજમ સ્વીકારવા રસીદ બુક રખાય તથા માનદ્ કાર્યકર સેવા આપે તો ઘણાંને સગવડ થાય. આ ઉપરાંત અરિહંત બેંકમાં પણ ભરી શકાય તેવી વ્યવસ્થા ઈચ્છનીય છે.

**મુલુંડ, ૩.૩.૧૩ — કાંતિલાલ લખમશી વિકમશી**


।। શ્રી આદેશ્વરદાદાય નમઃ ।।

## શ્રી શત્રુંજય ગિરિરાજની છ ગાઉની મહાયાત્રા–પાલ નં. ૯૩

**'છ ગાઉ' યાત્રાની અણમોલી વાત; દાદા આદિનાથ છે આપણા તાતઃ**

શ્રી સિદ્ધગિરી મહાતીર્થની યાત્રા કરવાથી અનંત ગણું ફળ પ્રાપ્ત થાય છે. એવા મહાતીર્થ પર ઋષભદેવ નવ્વાણું પૂર્વાવાર પધાર્યા છે. કાંકરે કાંકરે અનંતા આત્માઓ સિદ્ધ થયા છે. ફાગણ સુદ ૧૩ ના શાંબ, પ્રદ્યુમ્ન, સાડી આઠ કોડી મુનિરાજ સહ મોક્ષે ગયા છે. એ મંગલદિને ચાલો આપણે પણ છ ગાઉ ની યાત્રા કરીએ.

છ ગાઉ ની મહાયાત્રા અવસરે **"પાલ"** નો અમૂલ્ય લાભ ચોથી વખત **"શ્રી કે.ડી.ઓ. નવભક્તિ"** ને મળેલ છે. ફાગણ સુદ ૧૩, રવિવાર, તા. ૨૪-૦૩-૨૦૧૩ તથા સોમવાર, તા. ૨૫-૦૩-૨૦૧૩ ના આપના પગલાં અમારા આંગણામાં **(પાલ નં. ૯૩)** કરી સાધર્મિક ભક્તિનો લાભ આપવા વિનંતી.

• લિ. શ્રી કે. ડી. ઓ. નવભક્તિ પરિવારના જય 'ગિરિરાજ' •

**શ્રી દામજી નરશી શોની**
મુલુંડ - વાંકુ
૯૯૨૦૪૬૦૫૫૩

**શ્રી નવિનચંદ્ર નરશી ખોના**
ઘાટકોપર - નલિયા
૯૮૨૦૧૪૪૦૧૩

**શ્રી હિરાચંદ વિસનજી મોમાયા**
ઘાટકોપર - સાંયરા
૯૮૭૦૩૩૬૮૨૬

**શ્રી રમેશ ત્રીકમજી શોની**
વડાલા - વાંકુ
૯૮૨૦૦૩૪૨૫૧

**શ્રી લહેરચંદ શીવજી નાગડા**
ઘાટકોપર - નલિયા
૯૩૨૩૨૭૬૧૩૫

**શ્રી કિશોર કરમશી વિકમશી**
વડાલા - જખૌ
૯૮૨૦૩૧૯૬૧૦

**માતુશ્રી નવલબેન મણીલાલ દંડ**
મુલુંડ - સેવક ભરૂડિયા
૯૮૨૧૧૨૫૩૨૭

## અહિંસાની આરાધના : સાચી જીવદયા

મેતાર્યમુનિ બહુ જ તપસ્વી સાધુ હતા. એકવાર માસખમણનાં પારણાં માટે ભિક્ષા લેવા નીકળ્યા. ચાલતાં ચાલતાં એક સોનીને ત્યાં ભિક્ષા લેવા માટે ઊભા રહ્યા. સોનીએ કહ્યું, “પધારો મહારાજ” અને વંદના કરી ભિક્ષા લેવા અંદર ગયો. એટલીવારમાં એક ક્રૌંચ પક્ષી આવ્યું. એ પણ ભૂખ્યું હતું. એણે સોનીએ બનાવેલા સોનાના જવના દાણા જોયા અને સાચા જવ સમજીને ખાઈ ગયું. મુનિએ આ બધું જોયું. સોની બહાર આવીને જુએ છે તો જવ હતા નહિ. સોની એકદમ ઉદાસ થઈ ગયો અને સાધુને પૂછ્યું, “અહીં જવ હતા તે ક્યાં ગયા?” સાધુને થયું કે જો હું સાચું બોલીશ તો એ જરૂર ક્રૌંચ પક્ષીને મારી નાખશે અને એનું પાપ મને લાગશે. હવે શું કરવું? અસત્ય બોલીશ તો વ્રત તૂટશે. આ સમસ્યાથી બચવા માટે મૌન વ્રત ધારણ કર્યું. સોનીએ વારંવાર પૂછ્યું પણ સાધુ મૌન રહ્યા. એટલે સોનીને થયું, નક્કી આ જવ સાધુએ જ લીધા છે. સોની ખૂબ ગુસ્સે થઈ ગયો. ગુસ્સામાં ને ગુસ્સામાં સાધુને પકડી માથા પર ચામડાનો પટ્ટો ભીનો કરી માથા પર બાંધી આંગણામાં ઊભા રાખી દીધા. જેમ જેમ ચામડું સુકાતું ગયું તેમ તેમ સાધુને અપાર વેદના થવા લાગી. મેતાર્ય મુનિએ સમભાવથી મરણાંત વેદના સહન કરી.

એ જ વખતે એક કઠિયારો લાકડાનો ભારો લઈને આવ્યો. જેવો લાકડાનો ભારો જમીન પર નાખ્યો કે એના અવાજથી ઝાડ પર બેઠેલું ક્રૌંચ પક્ષી ગભરાઈ ગયું અને વિષ્ઠા કરી - એમાં સુવર્ણ જવ નીકળી પડ્યા. સોનીએ જોયું. એને ખૂબ પસ્તાવો થયો. તરત દોડ્યો સાધુ પાસે, પણ સાધુએ તો અહિંસાની આરાધના કરતાં કરતાં પ્રાણ ત્યાગ કર્યો હતો. આ છે અહિંસાની સાચી આરાધના. મહામુનિએ જીવદયા પાળી અને એને માટે પોતાના પ્રાણનું બલિદાન આપ્યું.

**- ડૉ. રશ્મિભાઈ ઝવેરી**


**K. Dixit**

રીયલ ડાયમંડ જ્વેલરી

**કૌશિક રાયચંદ શાહ (પટેલ)**

**(સાંધાણ - ઘાટકોપર)**

**98204 57676**

**લગ્ન પ્રસંગ માટે લાઈટ વેઈટ**
**રીંગ, પેંડન્ટ, બાલી, બ્રેસલેટ, બેંગલ્સ**
**તથા નેકલેસનું આકર્ષક કલેક્શન**




### પાસ થયા અભિનંદન

## *વિરલની વિરલ સિદ્ધિ*



**વિરલ કલ્પના-કિરીટ રતનશી નાગડા** (સાંધાણ-ડોંબીવલી)

B.E. (Electronic Engineering ) 1st class

દાદાણાં : **માતુશ્રી હાંસભાઈ રતનશી ઠાકરશી નાગડા** (સાંધાણ)

**નાનાણાં :**

મોટા નાની : **લીલબાઈ વાલજી માવજી લોડાયા** (કોઠારા-મુલુંડ)

નાના નાની : **હીરબાઈ લક્ષ્મીચંદ માવજી લોડાયા** (કોઠારા-મુલુંડ)

| | | | |
|---|---|---|---|
| મોટા પપ્પા | : **જીતેન્દ્ર રતનશી ઠાકરશી નાગડા** | મામા-મામી | : **રાજુલા મહેન્દ્ર લોડાયા** |
| ફઈ-ફુઆ | : **ચંપાબાઈ ચંદુલાલ લોડાયા** | માસા-માસી | : **જયશ્રી દીપક દંડ** |
| -”- | : **હીરા કુલીનકાંત લુઠીયા** | -”- | : **અરૂણા શાંતિલાલ લોડાયા** |
| -”- | : **મીરા ભરત ધરમશી** | -”- | : **પ્રવિણા ઈન્દ્રકુમાર ધરમશી** |

## ફુલઝરીયું

નાતો એડો રખો જેમેં
બોલે જો ઓછોને સમજ વધારે વે,
વિવાદ ઓછો ને વહાલ વધારે વે
મતલબ ઓછો ને પ્રેમ વધારે વે
પુરાવા ઓછા ને વિશ્વાસ વધારે વે

માડુ ઘર ભધલાયતો,
કપડા ભધલાયતો
નાતો ભધલાયતો
ધોસ્તાર ભધલાયતો
પાત્ર ભધલાયતો છતાં ડોખી રેતો
કોલાકે પેંઢ નતો ભધલે.

નિખાલસ મનજો નેખાર અલગ હોય તો,
પ્રેમ અને ધુનિયા જો વેવાર અલગ હોય તો
જીભ ત મેણીજી સરખી આય પણ
બોલેજો અંદાજ અલગ હોય તો.

જિંદગીમેં સચો સંતોષ મેળવેલા
ત્રે કારખાના ઓભા કરેજી
મગજ મેં બરફ જો કારખાનું
જીભ તેં સકર જો કારખાનું
હૃદયમેં પ્રેમ જો કારખાનું

**-શાહ મધુકાંત વિશનજી** (ઘાટકોપર)

**દસમી પુણ્યતિથીએ ભાવભીની શ્રધ્ધાંજલી**



આંખના પલકારાની જેમ આપની શીતળ છાયા ગુમાવ્યાને દસ વર્ષ વીતી ગયા. પણ આપની યાદ ભૂલાતી નથી. તમારા આશિર્વાદ સદાય અમારા પર વરસતા રહે. પ્રભુ આપના આત્માને પરમશાંતિ આપે એજ અમારી શ્રદ્ધાંજલી.

*સ્વ. ધનજી લખમશી ધરમશી*
(કોઠારા - ડોંબિવલી)
સ્વર્ગવાસ તા : ૨૧-૦૩-૨૦૦૩



**આપને હરઘડી, હરપળ યાદ કરનાર**

જીવનસાથી : ગં. સ્વ. મંજુલા ધનજી ધરમશી

•••

પુત્ર-પુત્રવધુ :
અ. સૌ. મીતા-વિનિત, અ. સૌ. હેતલ-ગિરીશ,
ચિ. યજ્ઞેશ, અ. સૌ. કોમલ-શિરીન

•••

પૌત્ર-પૌત્રી : પ્રિન્સ, રોનક, રાજ, જૈનસ, એરીન

## નારી રત્ન - *૧૪માં પાનાંથી ચાલુ....*

નામ સર્વાનુમતે આપ્યું.

પુખ્ત વયની બહેનોને ધાર્મિક શિક્ષણ મળે તે માટે એઓશ્રીએ મુલુંડ ઉપાશ્રયમાં 'વનિતા જ્ઞાન મંદિર' ની સ્થાપના કરી હતી જે અદ્યાપિ પર્યંત ચાલુ છે.

આ ઉપરાંત શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન પરિષદના માધવબાગ (મુંબઈ) માં ભરાયેલ અધિવેશનમાં પ્રતિનિધિ તથા વિષય વિચારણી સમિતિના સભ્ય તરીકે "શ્રી ભારતીય જૈન સ્વયંસેવક પરિષદ" ના પ્રથમ અધિવેશનની સ્વાગત સમિતિના સભ્ય તરીકે પોતાની શક્તિઓનો પરિચય આપ્યો હતો.

એમનો દેશપ્રેમ પણ એવો જ ઉજ્જવલ હતો. ઈ.સ. ૧૯૨૦માં ગાંધીજીએ સ્વદેશીની ચળવળ ઉપાડતાં એમણે ખાદી ધારણ કરી. ક.દ.ઓ. સેવક સમાજ તરફથી સ્ત્રીઓની જે સભાઓ ભરાતી તેની વ્યવસ્થા એજ કરતા. મધુર કંઠે જાહેર સભામાં રાષ્ટ્રીય ગીતો ગાતા. શ્રી વીરજીભાઈની રાષ્ટ્રીય લડતમાં ધરપકટ થતાં કુર્લા કોર્ટે નવ માસની સજા ફરમાવી ત્યારે કોર્ટમાં હાજર થઈ શ્રી રતનબાઈએ પતિશ્રીને કુમકુમ તિલક કરી હાર પહેરાવી, વિદાય આપી ને પોતે કોંગ્રેસનું કાર્ય, મુલુંડ કોંગ્રેસનું પ્રમુખપદ સ્વીકારી સંભાળી લીધું અને ઘાટકોપર, વાંદરા, થાણા વગેરે અનેક સ્થળે પીકેટીંગમાં અગ્રભાગ લીધો.

સં. ૧૯૮૩(ઈ.સ. ૧૯૨૮) માં કચ્છના રેલ સંકટ વખતે, મોટો ફાળો એકત્ર કરી રાહત માટે કચ્છ દોડી ગયા હતા. કુટુંબ, જ્ઞાતિ, સમાજ, દેશ, ધર્મની સેવા કરતાં કરતાં એમનું શરીર જીવલેણ રોગથી ક્ષીણ થતું ચાલ્યું અને ૩૯ વર્ષની ભરજુવાન વયે સં. ૧૯૮૭ (ઈ.સ. ૧૯૩૧) ના જેઠ સુદ ૧૫ના પ્રભાતે ભજનની ધૂન વચ્ચે એમણે અરિહંત પ્રભુનું ધ્યાન ધરતાં ધરતાં સમાધિપૂર્વક દેહત્યાગ કર્યો.

શ્રી રતનબાઈનું જીવન આદર્શ ભારતીય આર્ય સન્નારીના પ્રતિકરૂપ છે. આવા સ્ત્રી રત્ન માટે જ્ઞાતિ ગૌરવ લે એ યોગ્ય જ છે.

**ચોથી પુણ્યતિથિએ અશ્રુભીની શ્રદ્ધાંજલિ**



**સ્વ. દામજી નરશી દંડ** (સાંધવ-ભાંડુપ)
સ્વર્ગવાસ તા. ૨૦.૩.૨૦૦૯

આંખના પલકારામાં ચાર વર્ષ વીતી ગયા આપનું સાદગીભર્યુ જીવન લાગણીશીલ સ્વભાવ અમર છે.

*તમે વસ્યા છો પ્રભુની પાસ, નથી હયાત્*
*પણ છો સદાય સાથ એવો અમને થાય છે ભાસ*

આપનો દિવ્ય આત્માં જ્યાં પણ હોય ત્યાં મોક્ષપદને પામે એજ પ્રભુ પાસે પ્રાર્થના...

**લિ. ભાઈ ગોવિંદજી લાલજી પટેલ** ના શ્રદ્ધાસુમન

## બજેટ-૨૦૧૩ 'સર્વિસ ટેક્સ'માં સુધારા

આ બજેટમાં સૂચવાયેલા સુધારા અનુસાર સર્વિસ ટેક્સમાં જરૂરી ફેરફારો જુદી જુદી તારીખોથી અમલમાં આવશે. (અ) સુધારા તા. ૧.૩.૨૦૧૩ થી અમલમાં(બ) સુધારા તા. ૧.૪.૨૦૧૩ થી અમલમાં (ક) અમુક સુધારા બજેટ મંજૂર થવાની તારીખથી અમલમાં આવશે.

હવે આપણે ટુંકમાં સમજીએ.

### (અ) સુધારા તા. ૧.૩.૨૦૧૩ થી લાગુ :

**(૧) રહેઠાણ બાંધાકમમાં અબેટમેંટ/કપાતઃ** જે ૭૫% છે. જેથી સર્વિસ ટેક્સ ૩.૦૯% થાય છે. પણ હવે રહેઠાણનો એરીયા ૨૦૦૦ ચોરસ ફુટ હોય અથવા એની કીંમત ૧ કરોડથી વધુ હોય તો અબેટમેંટ/કપાત ૭૫% ને બદલે ૭૦% મળશે. પરિણામે સર્વિસ ટેક્સ ૩.૭૦૮% ભરવો પડશે. (નોટીફીકેશન - ૨/૨૦૧૩-એસટી તા. ૧.૩.૨૦૧૩)

**(૨) સેનવેટ ક્રેડીટ રીવર્સ :** જે ઈનપુટ કે કેપીટલ ગુડ્સ પર ક્રેડીટ લીધેલ હોય તે ઈનપુટ/કેપીટલ ગુડ્સનો કોઈપણ રીતે ધંધામાંથી કાઢી નખાય... તો તેના પર મેળવેલ ક્રેડીટની રકમ સર્વિસ પ્રોવાઈડરે ભરવી પડે. અન્યથા ટૅક્સ, વ્યાજ તથા દંડ ભરવા પડશે. (નોટી ફીકેશન -૩/૨૦૧૩ સી.ઈ તા. ૧.૩.૨૦૧૩)

**(૩) એડરાંસ રૂલીંગમાં એક્સટેન્સન :** એડવાંસ રૂલીંગનાં ફાયદા હવે રેસીડેન્ટ પબ્લિક લીમીટેડ કંપનીને પણ મળી શકશે.

### (બ) સુધારા તા. ૧.૪.૨૦૧૩થી લાગુ :

નીચેના સુધારા નોટી.નં. ૩/૨૦૧૩ એસટી તા. ૧.૩.૨૦૧૩ના અસરથી અમલી બનશે.

**(૧) ટેક્સ મુક્તિ ધરાવતી શૈક્ષણિક સંસ્થાઓ** દ્વારા અપાતી શૈક્ષણિક પુરક સેવા અને સ્થાવર મિલકત ભાડા પર આપવાની સેવા પર અગાઉ અપાયેલ કર મુક્તિ રદ્દ થયેલ છે. દા.ત. હવેથી આ સંસ્થાઓએ આપેલ સ્થાવર મિલકતનાં ભાડાની આવક પર સર્વિસ ટેક્સ ભરવો પડશે.

**(૨) ફિલ્મનાં કોપીરાઈટની સેવાની કરમુક્તિ** એમને જ મળશે. જે ફિલ્મ સિનેમા હૉલ કે સિનેમા થીએટરમાં બતાવવામાં આવે. અન્યથા ટૅક્સ ભરવો પડશે.

**(૩) રેસ્ટોરન્ટ-જે આલ્કોહોલીક પીણાંનું લાયસંસ ધરાવનાર તેમજ એર કન્ડીશન હોય,** તેમને જ સર્વિસ ટૅક્સ ભરવો પડતો. હવે આ લાગુ થયાથી ફક્ત એર કન્ડીશન ધરાવતી રેસ્ટોરંટ પર જ સર્વિસ ટૅક્સ લાગુ પડશે.

**(૪) રેલ્વે અને વેસલ-જહાજની ટ્રાંસપોર્ટ સેવા** માં પેટ્રોલીયમ, તેની પેદાશો, પોસ્ટલ સામગ્રી, મેઈલ બેગો, અને ઘરવપરાશની વસ્તુઓ પર કર મુક્તિ પાછી ખેંચાતા, તે વસ્તુઓની ટ્રાન્સપોર્ટ પર ૧.૪.૨૦૧૩થી સર્વિસ ટૅક્સ ભરવો પડશે.

**(૫) ગુડ્સ ટ્રાન્સપોર્ટ બાયરોડ (G.T.R.) સેવાઃ** આ પરિવહનની સેવામાં નીચેની આઈટમો પર સર્વિસ્ટૅક્સ મુક્તિ (એકશમ્પશન) આપવામાં આવેલ છે. જે આપણા ટ્રાન્સપોર્ટ ભાઈઓ માટે આનંદની વાત છે.

(૧) મુળ ખેતી ઉત્પાદન -એગ્રીકલ્ચર પ્રોડ્યુસ (ખેતીની વ્યાખ્યામાં ઘોડઉછેર, જંગલ, ફળ,ફુલ ખાદ્ય ઉછેર, જનાવરો (ઘોડાસિવાય) ઉછેર, રબર, ચા, નાળીયેર, વગેરેનાં મુળ ઉત્પાદનનો સમાવેશ છે.)

મુળ ખેતી ઉત્પાદનને પરિવહનમાંથી મુક્તિ મળે. પણ બટાટામાંથી... બટાટા વેફરને નહીં.

ટમેટામાંથી...ટમેટો કેચપને નહીં.

(૨) ખાદ્ય પદાર્થો : ચા, કૉફી, લોટ, સાકર, મીલ્ક પ્રોડક્ટસ, મીઠું, ખાદ્યતેલ (પણ આલ્કોહોલીક-દારૂ જેવા પીણાં નહીં)

(૩) કૅમીકલ ફરટીલાઈઝર અને ઓઈલ કેક્સ્

(૪) સમાચારપત્રકો અને સામયિકો (રજીસ્ટર થયેલા જ)

(૫) રાહત સામગ્રી : કુદરતી કે માનવ સર્જીત આફતોની રાહત માટે.

(૬) લશ્કરી કે સૈન્યનાં સાધનો

ઉપર જણાવેલ સામાનની પરિવહન પર તા. ૧.૪.૨૦૧૩ થી સર્વિસ ટૅક્સમાંથી મુક્તિ આપવામાં આવી છે.


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN® TOURS & TRAVELS
દાદર
મુલુંડ
પાર્લા
9323360708 • 25903514-5-6
24160708 • 32960708 • 65005758
tanmantravels@yahoo.co.in

ઋતુ આવે ઋતુ જાય
મન પ્રસન્ન તો
જીવનની
પળે પળ
વસંત
-"તન-મન" પરિવાર

SHIKHARJI Continental MADHUBAN - JHARKHAND
શીખરજીની સર્વ પ્રથમ અને
એકમાત્ર આપણી પોતાની
★★★જેવી સુવિધાયુક્ત AC હોટલ

(૬) વાહન પાર્કીંગ - જાહેર જનતાનાં વાહનનાં પાર્કીંગ માટેની સેવા પરની કર મુક્તિ પાછી ખેંચાતાં, તેના પર ટૅક્સ લાગુ પડશે.

(૭) સરકાર કે લૉકલ અથોરીટીને આપવામાં આવતી એર-ક્રાફ્ટનાં રીપેરીંગ કરવાની સેવા પરની કર મુક્તિ પાછી ખેંચાતાં, તેના પર સર્વિસ ટેક્સ લાગુ પડશે.

(૮) આમ જનતાનાં લાભ માટે ચેરીટેબલ સંસ્થાઓ દ્વારા કાયદાનાં જણાવેલ ઉદ્દેશો ઉપરાંત અન્ય બાબતો માટે મળેલ રકમ જો ૨૫ લાખ સુધીને કર મુક્તિ હતી. જે આખી કર મુક્તિ પાછો ખેંચાતા તેનાં પર હવેથી ટૅક્સ લાગુ પડશે.

### (ક) સુધારા બજેટ મંજુરીથી લાગુ :

નીચેના સુધારાઓ બજેટ-૨૦૧૩ને મંજુર થયાની તારીખથી લાગુ કરવામાં આવશે. જેને ૨ મહિનાથી વધુ સમય લાગશે.

જેની માહિતી આપણે આવતા અંકમાં જોઈશું. જેમાં સર્વિસ ટેક્સ વોલેટરી કમ્પ્લાયન્સ એનકરેંજમેંટ સ્કીમ-૨૦૧૩ ની વિસ્તૃતક માહિતી સાથે અન્ય સુધારાઓની પણ છણાવટ કરવામાં આવશે. ભારત સરકાર દ્વારા મોડા માટે મસ્ત માફીની યોજનાની સોનેરી તકનો લાભ લેવાનું ચુકશો નહીં, જો તમે એ દાયરામાં આવતો હો તો.

**- પારસ લહેરચંદ પટેલ** (ડોંબીવલી)

## કાવ્ય-પ્રકાશ : ફુલ ને કંઢા

કીંક ડીં કંઢેજો પણ હુંધો
જોકો વાડ તેં વેઠા વેં.
ખાસા ત ફળ-ફુલ કલ્પવૃક્ષ જે ઝાડ તે વેઠા વેં
તહેં ફુલે પોછ્યો કંઢે કે,
સાંઈ મંઢા કો હલોતા?
તડેં કંઢે જભાભ દનો
કંઈકેંજા પગ વંધ્યા,
કંઈકેંજા પગ જા રત કઢ્યોં
પણ હુકડો મંડો જોડેવારો મલી વયો!
અસાંજો વંશ મંઢો કરે છડેં
કંઢે થકી ફુલે કે મોક્ષ મલે તો
ફુલ ને કંઢા બોંય સમજ મેં ખપે
મરૂદેવીમાં ફુલે મેં જન્મયા
કંઢે મોક્ષ મલ્યો.

**- ભદ્રી પટેલ** (સાંધાણ)




**સાવલા-લોડાયા સંગાથે ઉત્તર પ્રદેશની તિર્થંકરોની '૫૦' કલ્યાણક ભૂમિના દર્શન-જીવનનો એક અણમોલ અવસર...**

સાવલા-લોડાયા આયોજીત તા. ૧૮.૨.૨૦૧૩ની યુ.પી. ની ૫૦ કલ્યાણક ભૂમિ અને અન્ય પાવન તિર્થોની (શોર્યપુરી, આગ્રા, મથુરા, હસ્તિનાપુર, હરિદ્વાર, ઋષીકેશ, આહેચ્છત્રા, કમ્પિલાજી, અયોધ્યા, શ્રાવસ્તી, રત્નપુરી, કૌશંબી, પુરીમતાલ, અલ્હાબાદ) યાત્રામાં સામેલ થઈ અમે ભાગ્યશાળી બન્યા.

શ્રી પ્રવિણભાઈ લોડાયાના શ્રીમુખેથી દરેક કલ્યાણક ભૂમિનું મહાત્મ્ય સમજી, તેમના જ સાનિધ્યમાં ભાવથી પુજા, જાપ, ચૈત્યવંદન વિધિ સહિત એ પાવનભૂમિની સ્પર્શના કરી અલૌકિક આનંદ પ્રાપ્ત કર્યો.

યાત્રા દરમ્યાન દરેક સુવિધા માટે તત્પર શ્રી પ્રવિણભાઈ અને એમના કર્તવ્યનિષ્ઠ સ્ટાફને અભિનંદન.

**દરેક પુણ્યશાળી આત્મા, જીવનમાં એકવાર તો આ કલ્યાણક પાવન ભૂમિઓની સ્પર્શના કરશે જ એવી મંગલ ભાવનાસહ શુભેચ્છા...**

**શ્રી લક્ષ્મીચંદ ઉમરશી મૈશેરી (L.U.), શ્રીમતી ગુણવંતી લક્ષ્મીચંદ મૈશેરી (જખો)**

**શ્રી રાયચંદ શિવજી લોડાયા, શ્રીમતી લીના રાયચંદ લોડાયા (કોઠારા)**

શિખરજી તથા ધાર્મિક યાત્રા પ્રવાસ માટે સંપર્ક : **સાવલા-લોડાયા**

ભરત સાવલા - ૯૩૨૪૦૬૯૨૯૫ • પ્રવિણ લોડાયા - ૯૮૨૦૫૬૫૨૬૧

E : savlalodaya@rediffmail.com W : www.savlaandlodaya.com

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## પરબ શક્તિ સંજીવની સોસાયટી

પરબ સંચાલિત અને શ્રી લખલક્ષ્મી લુઠીયા જનસહાયક ફંડ પ્રેરિત અને છેલ્લાં અઢારેક વર્ષથી યોજાતા અનાજ, મસાલા વિતરણ આગામી ૩ અને ૪ એપ્રિલ (બુધવાર-ગુરૂવાર)ના અનંતછાયા (ઘાટકોપર) માં બપોરના ૧ થી સાંજના ૭ દરમ્યાન થશે.

જેમાં સારી ગુણવત્તા ધરાવતા વિવિધ અનાજ, દાણા હોલસેલ ભાવે મળી શકશે. તેમજ પોતાનો ગૃહઉદ્યોગ પ્રકારનો વ્યવસાય કરતી મહિલાઓ દ્વારા વિવિધ મસાલા, કેક, અથાણા, શરબત, પાપડ, વડી ઈત્યાદિ ખાદ્ય પદાર્થોના વેચાણ માટે ૨૦ થી ૨૫ સ્ટોલ મુકાશે.

સૌને તેનો લાભ લેવા અને સ્વતંત્ર વ્યવસાયી મહિલાઓને પ્રોત્સાહન આપવા 'પરબ' અનુરોધ કરે છે.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન કોઠારા

શ્રી દેરાસરજીની ૧૫૧મી વર્ષગાંઠ નિમિત્તે મહા સુદ-૧૩, ૨૩.૨.૧૩નાં કોઠારા ગામે પ.પુ.મુનિરાજ શ્રી કંચનસાગરજી મ.સા.ની નિશ્રામાં ધ્વજામહોત્સવ રૂડી રીતે ઉજવાઈ ગયો.

ધ્વજા, આરતી મંગલ દીવો, શાંતિકળશ વગેરેનો ચડાવો મણ-૩૦૫૬ થયેલ જેનો લાભ માતુશ્રી કસ્તુરીબાઈ વાલજી ધરમશી હસ્તે : હિરાચંદભાઈ, માતુશ્રી ખેતબાઈ ચાંપશી ધરમશીં હા. વિરચંદભાઈ તેમજ કુ. પુષ્પાબેન લાલજી અજાણીએ લીધેલ. સત્તરભેદી પુજા શેઠશ્રી ત્રિકમજી વેલજી માલુ તરફથી ભણાવવામાં આવેલ.

સવારનાં નવકારશી માતુશ્રી કસ્તુરબાઈ હિરાચંદ ઉમરશીં મુનવર, બપોરનું સ્વામીવાત્સલ્ય જમણ માતુશ્રી હિરાવંતીબાઈ ખેતશી દેવશી દંડ તેમજ સાંજનું જમણ સ્વ. શેઠશ્રી જીવરાજ ચાંપશી અજાણી તરફથી રાખવામાં આવેલ.

## 'અનંતછાયા' પ્રકરણે હાઈકોર્ટમાં સુનાવણી

'અનંતછાયા' વેચાણ અંગેના ચેરીટી કમીશ્નરના ચૂકાદાને પડકારતી ડૉ. લક્ષ્મી ચંદ્રહાસ ખોના અને ચંદ્રસેન હીરાચંદ મોમાયાએ મુંબઈ હાઈકોર્ટમાં દાખલ કરેલ અરજીઓની એડમીશન અને મનાઈ હુકમો મેળવવા સંદર્ભે સુનાવણી નામદાર શ્રી નીતિન જામદાર સમક્ષ સોમવાર તા. ૨૫.૩.૧૩ના થશે.

## રાહત દરે મેડીકલ ચેકઅપ

નરશીનાથા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ૧૧.૪.૧૩ના કાલીદાસ સંકુલ, મુલુંડ ખાતે મેડીકલ ચેકઅપનું આયોજન કર્યું છે. ટેસ્ટો મેટ્રોપોલીસ લૅબ કરશે. આમાં વિવિધ પેકેજો રાહત દરે ઑફર કરાયા છે. સંપર્ક : 23448274

## વરસી તપ આરાધકો માટે મુલુંડ નગરે

સંવત ૨૦૬૯-૨૦૭૦ના વર્ષમાં ૧૩ મહિના રીતે વર્ષીતપ મહા તપ પ્રારંભવા ઈચ્છતા આરાધકો માટે સુરીત્રયની દિવ્ય કૃપા શુભાશીશે સૌમ્ય સ્વભાવી પુ.આ.ભ.શ્રી કલાપ્રભ સાગર સુરીશ્વરજી મ.સા. ના શ્રી મુખે તેઓની તારક નિશ્રામાં ૨૦૬૯ના ફાગણ વદ ૮ ૩.૪.૧૩ બુધવાર સવારે ૮.૩૦ કલાકે ચૌમુખ ભગવાન સહિત નાણ મંડાશે. તો સૌ નવા વર્ષીતપના આરાધકો એ વાસુપુજ્ય જિનાલય ઝવેર રોડ, મુલુંડ (વેસ્ટ)માં પધારવા વિનંતી છે, એમ શ્રી મુલુંડ અચલગચ્છ જૈન સમાજ દ્વારા અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## શ્રી પદ્મમુક્તિ વાત્સલ્ય નિધિ ટ્રસ્ટ

પ.પૂ. જયલક્ષ્મીશ્રીજી મ.સા.ના પ્રેરણાથી સ્થાપિત કરેલ ટ્રસ્ટના કાર્યો પ.પૂ. જયદર્શિતાશ્રીજી મ.સા.ના આશિર્વાદ અને માર્ગદર્શનથી વ્યવસ્થિત ચાલે છે. દર બુધવારના ગરીબોને ભોજન કરાવનાર દાતા : ૧) માતુશ્રી સુમતિબેન સોમચંદ દંડ (વડાલા-કાયમિતિથિ). (૨) દીપકભાઈ દામજી પોલડિયા (ફેઝપુર-કાયમિતિથિ)


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર**

(વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

**Asia's First ISO 9001:2000 Certified Gin Press**

(૩) દામજી મણશી દંડ (વરાડિયા-કાયમીતિથિ) (૪) કાંતિલાલ લખમશી ધુલ્લા (થાણા-કાયમીતિથિ) (૫) પ્રેમકુંવરબાઈ ગોવિંદજી ધરમશી (મંજલ-કાયમીતિથિ હસ્તે (ઉમરશી શામજી મેપાણી) (૬) પલ્લવી વિરચંદ શાહ (નાંદેડ-કાયમિતિથિ-હસ્તે વિમલાબેન વિરચંદ ચાંપશી શિયાડ) (૭) શાહ છગનલાલ વિશનજી ભાટે (ધુલિયા-કાયમિતિથિ) (૮) ગીતા મુકેશ લોડાયા (મુલુંડ-નકરો) (૯) સોમચંદ મુલજી લોડાયા (ઘાટકોપર-નકરો) (૧૦) દેવ જતીન નાગડા (પુના-નકરો).

## વડાલા નગરે પૂ.આ.ભ.ની પધરામણી

મહાસુદ પૂનમને ૨૬.૨.૧૩ને દાદર (૫) સ્થિત શિતલનાથ દેરાસરજીથી પૂ.આ.ભ. કલાપ્રભસાગરસુરીશ્વરજી આ.ઠા. તથા પૂ.સાધ્વીગણ મ.સા.આ.ઠા. વડાલા નગરે પધારેલ. શ્રી સંઘ તરફથી વાજતે-ગાજતે સામૈયું કરવામાં આવેલ શ્રી સંઘના ભાઈ-બહેનો બહોળી સંખ્યામાં હાજર રહેલ. પૂ. સાહેબ વડાલા પધારતાં શ્રી સકળ સંઘે શ્રી સંભવનાથ દેરાસરજીમાં સમુહમાં દેવદર્શન તથા ચૈત્યવંદન કરેલ. ઉપાશ્રયમાં પૂ. સાહેબ સાથે શ્રી સકળ સંઘે નવકારમંત્રના જાપની ધૂનની રમઝટ લગાવી. પૂ.શ્રી.એ જૈન ધર્મના ઈતિહાસની વિસ્તારપૂર્વક છણાવટ કરતા આહ્વાન કરેલ કે યુવાનોએ આગળ આવીને જૈન ધર્મનો પ્રચાર કરવા અને સાચવવા તૈયાર થવું. પડશે. શ્રી સંઘ તરફથી નવકારશીની વ્યવસ્થા કરેલ. જેના દાતા તરીકેનો લાભ શ્રી જયજિનેન્દ્ર ગ્રુપ-વડાલાએ લીધેલ. તેમના તરફથી પ્રભાવના થયેલ.

## શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ-મુલુંડ

મંડળ દ્વારા આયોજીત શ્રી મહાકાળી માતાજીની ભાવના ૨૪.૩.૧૩ના રાતે ૯.૦૦ કલાકે શ્રી વાસુપુજ્ય જિનાલયે રાખેલ છે. જેનો લાભ શ્રી દેવજી દામજી ખોના પરિવાર-જખૌવાળાએ તથા ૧૪.૪.૧૩ના થનાર એપ્રિલ માસની ભાવનાનો લાભ શ્રી હીરેન શામજી નાગડા-જખૌવાળાએ તા. ૧૨.૫.૧૩ના થનાર મે માસની ભાવનાનો લાભ તેમજ શ્રી ગોવિંદજી લાલજી પટેલ પરિવાર-સાંધવવાળાએ લીધેલ છે.

## શ્રી ક.દ.ઓ. મહિલા મંચ-નાગપુર

દર મહિને આઠમના દિવસે ભણાવવામાં આવતી મહાકાળી માની ભાવના સૌ. શશી વર્ધમાન પટેલના ઘરે ૧૮.૨.૧૩ના ભણાવવામાં આવી.

ગત મિટીંગમાં મહિલા મંચના સલાહકાર સદસ્ય તરીકે એક નામ સૌ. પુનમબેન મોમાયાનું નક્કી કરેલ. તેમની જગ્યાએ સૌ. આશાબેન લોડાયાનું તેમની નામ નક્કી કરેલ છે.

એક મિનીટની ગેમ પણ રમાડવામાં આવી. જેમાં એક ખાલી બોટલમાં એક મિનીટમાં કોણ વધારે ગોટી (કંચા) નાંખી શકે છે, તે વિજયી જાહેર થયેલ. જોઈન્ટ સેક્રેટરી સૌ. ભાવિની દંડે મહિલા મંચ વતી સૌ. શશી પટેલનો આભાર માન્યો હતો.

## સાંયરામાં મુનિશ્રીઓ પધાર્યા

સાંયરામાં તા.૨૪.૨.૧૩ના મુનિશ્રીઓ ધર્મરત્નસાગરજી મ.સા., અભ્યુરત્ન સાગરજી મ.સા., પરમાનંદસાગરજી મ.સા. તથા પૂ.શ્રી કંચનસાગરજી મ.સા. પધારતા સાંયરા સંઘે વાજતે-ગાજતે સામૈયુ કરેલ. આ પ્રસંગે માતુશ્રી વાલબાઈ દામજી ધોળ પરિવાર અને માતુશ્રી લક્ષ્મીબાઈ ગીરીશ લોડાયા તરફથી સંઘપુજન થયેલ. સવારના નવકારથી સાંયરા સંઘ તરફથી થયેલ. બપોરના પૂજ્યશ્રીએ વ્યાખ્યાન આપેલ.

૨૪.૨.૧૩ના ડીમ્પલબેન લક્ષ્મીચંદ ગાલા કોટડા રોહાવાલા તરફથી મહાકાળી માતાજીની ભાવના થયેલ. ૨૫.૨.૧૩ના માતુશ્રી સોનબાઈ મુળજી પટેલ મોમાયા પરિવાર તરફથી સ્વામીવાત્સલ્ય જમણ થયેલ. અને માતુશ્રી વાલબાઈ દામજી ધોળ પરિવાર અને શ્રીમતી લક્ષ્મીબાઈ ગીરીશ લોડાયા તરફથી પ્રભાવના થઈ.

## વરાડીયા-મોમાયા પરિવાર

વરાડીયાના મોમાયા કુળના શ્રી મોમાઈમાં ની ધજા તથા એક દીવસીય ચંડીપાઠનું આયોજન ભક્તિભાવથી પાર પડેલ.

આ પ્રસંગે બહારગામથી ૩૦ અને સ્થાનિકે સ્થાયી ૩૧ જણ મળીને કુલ ૬૧ ભાવિકોએ લાભ લીધેલ.

અમદાવાદ ખાતે શ્રી કેશવજી વેલજી મોમાયા પરિવાર તરફથી નવકારશી તથા પાલનપુરમાં શ્રી દીપક




# ABDASA (KACHCHH) GAUSHALA TRUST



**(Trust Regn. No. E-2071-Kachchh P.A. No. AABTA 7039 A)**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia).
Dist. Kachchh, Gujarat State - 370 645 Tel. : (02831) (952831) 273256.

**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500

પદમશી સાયલા (તેરા) તરફથી બપોરનું જમણ થયેલ.

મોમાયમોરા મૂળ સ્થાનકે શ્રી મોમાઈમાના દર્શન કર્યા.

તા. ૨૫.૨.૧૩ના શ્રી મોમાઈમીંની ધજાના દિવસે સંપૂર્ણ દિવસની સ્વામીભક્તિ શ્રી કુંવરજી આણંદજી પરિવારો તરફથી અને તા. ૨૬.૨.૧૩ ના ચંડીપાઠનું આયોજન મોમાયા પરિવાર તરફથી હતું.

## પાલિતાણા તિર્થે પક્ષાલ પુજાનો સમય

પાલિતાણા તિર્થે શેઠ આણંદજી કલ્યાણજી પેઢી તરફથી પ્રક્ષાલનાપાસ કારતક સુદી ૧૫ થી ફાગણ વદી ૦ાા સુધી સવારે ૭.૩૦ થી ૯.૩૦ સુધી આપવામાં આવશે.

ચૈત્ર સુદી ૧ થી અષાઢ સુદી ૧૪ સુધી સવારે ૭ થી ૯ સુધી આપવામાં આવશે.

પ્રક્ષાલના પાસ હશે તેવા જ યાત્રિકોને પ્રક્ષાલનો લાભ મળશે એમ શેઠ નરશી નાથા ધર્મશાળા પાલિતાણા વતી રામજી લાલજી ખોના (ટ્રસ્ટી)એ યાત્રિકોની સુવિધા માટે જણાવ્યું છે.

## શ્રી ક.દ.ઓ. જૈન મહારાષ્ટ્ર એકમ મહિલા મંચ-ધુલિયા

મહિલા મંચની સભા ૧૯.૯.૧૩ના સભ્ય સૌ. લતાબેન જયંત દંડના નિવાસસ્થાને પ્રમુખશ્રી સૌ. પ્રીતિબેન કાજલ મોમાયાના પ્રમુખપણા હેઠળ થયેલ, નવકારમંત્ર અને ગત સભાની મિનીટસની વાંચન બાદ શિવાજી જયંતિ પ્રસંગે સૌ. લતાબેન તથા તેમના પુત્ર ચિ. નીલે જીજામાતા અને વીર શિવાજી બની બધાને મુજરો વંદના કરી સ્વાગત કરેલ.

ત્યારબાદ સૌ લતાબેન, ચિં નીલ અને સૌ. ઉષાબેન દિલીપ નાગડાના ટ્યુશનના વિદ્યાર્થીઓએ વીર શિવાજી જીવન અંગે અભિનય કરેલ. સૌ. લતાબેને શિવાજીના જીવનનો એક પ્રસંગ હિન્દુ મુસ્લીમ એકતા પર એક નાનકડી વાર્તા દ્વારા ટી.વી. પર બતાવેલ.

બાળકોએ શિવાજીએ કહેલા સૂત્રો બોલી બતાવેલ. સૌ. મધુમતીબેન ભાટે, સૌ. લીનાબેન મોમાયા, સૌ. ચેતનાબેન ભાટે, સૌ. ઉષાબેન નાગડા, સૌ. પ્રીતિબેન મોમાયાએ છત્રપતિ શિવાજીના જીવનના પ્રસંગો વર્ણવેલ. સૌ. શીતલબેને ભાટેએ સૌ. પ્રીતિબેનના માર્ગદર્શનથી કવિશ્રી ઝવેરચંદભાઈ મેઘાણી રચિત વીર શિવાજીનું હાલરડું કમ્પ્યુટર પર સંભળાવેલ.

વિશ્વ મહિલા દિનની ઉજવણી અંગે ચર્ચા કરવામાં આવેલ. સૌ. લતાબેને ફોઈલ પેપરથી રાજકોટના પ્રખ્યાત ઓક્સડાઈઝ એબોઝ કારીગરીનું એક કલાત્મક ડબ્બા પર ડેમોન્સ્ટ્રેશન બતાવેલ. તેમજ ખૂબ ઓછા ખર્ચામાં જૂની વસ્તુને નવી બનાવતાં શીખવેલ. સભ્યોના જન્મદિવસ અને લગ્નદિવસની શુભેચ્છા આપવામાં આવેલ. સૌ. કલ્પનાબેન પ્રદીપ શાહના જન્મદિવસ પ્રસંગે મહિલામંચને સૌ. કાંતાબેન શાહ તરફથી રૂા.૧૦૧/- ભેટ મળેલ. ગયા વર્ષના સભ્યોને વાર્ષિક ભેટ રૂપે વન ડે કિટ બેગ ભેટ આપવામાં આવેલ.

શ્રી જયંતભાઈ અભયચંદ દંડએ આ પ્રસંગે સુંદર ફોટાઓ પાડેલ. શિવાજીના ચરિત્ર અંગે જાણકારી આપનાર, વેશભૂષા કરનાર બાળકોને તથા સભ્યોને સૌ. લતાબેન તરફથી સુંદર ભેટ આપવામાં આવેલ.

## શ્રી ક.દ.ઓ. મહિલા મંચ ખામગામ/શેગાંવ

મંચની જાન્યુઆરીની સભા સૌ. વર્ષાબેન લોડાયાની અધ્યક્ષતામાં ૨૦.૧.૨૦૧૩ના મકરસંક્રાંત નિમિત્તે યોજાઈ. જેમાં દરેક સભ્યને હલદી-કંકુ કરી તલના લાડુ-ચીકી તેમજ મહેંદીનો કોન આપવામાં આવેલ. સરપ્રાઈઝ રૂપે ઉખાણાંની સ્પર્ધા રાખેલ જેમાં પ્રથમક્રમે સૌ. સીમા લોડાયા અને દ્વિતીય ક્રમે સૌ. હેતલ નાગડા વિજેતા થયા હતા. સૌ. વર્ષાબેન લોડાયાએ ચોવીહારી છઠ્ઠ કરી સાત જાત્રા શેત્રુંજયની કરી આવેલ એમનું બહુમાન વરસીતપના તપસ્વીઓએ કરેલ, કાર્યક્રમનું સંચાલન સેક્રેટરી પ્રવીણાબેન દંડે કરેલ. અને તેમજ આભાર પ્રદર્શન સૌ. કુંજનબેન લોડાયાએ કરેલ. ક.દ.ઓ. સામાજિક સુરક્ષા યોજનાના સભ્ય બનવા માટે મહિલા મંચના સભ્યોને સમજાવવામાં આવેલ.

ફેબ્રુઆરીની સભા સૌ. વર્ષાબેન લોડાયાના અધ્યક્ષપદે ૨૪.૨.૨૦૧૩ યોજાયેલ જેમાં સૌ. મમતાબેન શાહે વિવિધ ચટણી અને અથાણાં કેમ બનાવવા તેનું ડેમોન્સ્ટ્રેશન આપેલ, જેમાં કાચા પપૈયાનો મુરબ્બો, ચીકુનું અથાણું અને ડ્રાયફ્રુટની સુકી ચટણી વગેરે આઈટમોને સૌની દાદ મળી હતી. તેમના દ્વારા બનાવેલ ચટણી-અથાણાંની નાની બુક સભ્યોને આપવામાં આવેલ. આભાર પ્રદર્શન મહિલા મંચના સદસ્ય સૌ. તેજલ મોતાએ કરેલ.


શુભેચ્છા સહ...
Laxmichand Dharshi
MOTA SHIPPING AGENCY
C.H.A.No.11-0404

શુભેચ્છા સહ...
શ્રી ઉત્તમચંદ કલ્યાણજી ખોના (કોઠારા)
UKKHIMJI & CO.
144, Vasant Market Yard, 4th Lane,
Sangli MH-416416 Tel. 2670910/2322057

માર્ચ મહિનાની સભામાં ઉપાધ્યશ્ર સૌ. કુંજનબેન લોડાયાના સૂચનથી આંતરરાષ્ટ્રીય મહિલા દીન નિમીત્તે મહિલા મંચના સભ્યો અને કચ્છી સમાજની મહિલાઓ માટે હીમોગ્લોબીન ચેકઅપ કેમ્પ યોજાયેલ. બીજા દિવસે દરેકને કાર્ડ આપવામાં આવેલ અને જેમનું હીમોગ્લોબીન ઓછું હોય તે કયો આહાર લઈ સ્વસ્થ રહી શકે એની માહિતી તથા મહિલાઓએ જાગૃત રહીને કેમ પોતાની સંભાળ કેમ લેવી તેની સુંદર ટીપ્સ સૌ. સ્વાતિ ચાંદેએ સુંદર રીતે આપેલ. આમાં દરેક સભ્યોનો સુંદર પ્રતિસાદ મળ્યો. આભાર પ્રદર્શન સેક્રેટરી પ્રવીણાબેન દંડે કરેલ.

## પુનામાં ઓપ્ટીટયુડ ટેસ્ટ (Aptitude Test)

એજ્યુકેશન અને કરીઅર ગાઈડના ફોરમ-Educate Forum પુના તરફથી ધો. ૯ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે Psychometric Tests કે એપ્ટીટયુડ ટેસ્ટનું આયોજન ૧૩ અને ૧૪ એપ્રિલ ૨૦૧૩ના કરવામાં આવેલ છે. એપ્ટીટયુડ ટેસ્ટ દ્વારા વિદ્યાર્થીઓનું તેમનોં Intelligence-બૌધિક-કૌશલ્ય, Aptitude-વલણ, Interest-રસ-શોખના વિષય અને Personality-વ્યક્તિત્વ પ્રમાણે વૈજ્ઞાનિક પદ્ધતિએ આકલન થાય છે. આ ટેસ્ટના પરિણામ મુજબ વિદ્યાર્થીઓને તેમની ક્ષમતા અને અભિરૂચી પ્રમાણે આગળના અભ્યાસ કે કારકિર્દી માટે માર્ગદર્શન આપવામાં આવે છે. ટેસ્ટ અને માર્ગદર્શન પ્રોફેશનલ કાઉન્સલર દ્વારા કરવામાં આવશે.

રજીસ્ટ્રેશન કે વધુ વિગત માટે સંપર્ક મિલન પટેલ–9822092671, પ્રશાંત લાલકા-9822056198, E-mail : Educare.pune@gmail.com

## મોડપર દેરાસર-આદિનાથ દેરાસર ધ્વજા મહોત્સવ

શ્રી મોડપર સુપાર્શ્વનાથ મહારાજ શ્વેતાંબર મૂર્તિપૂજન જૈન દેરાસર અને ઉપાશ્રયના ઉપક્રમે વસંત પંચમી ૧૫.૨.૧૩ના આદિનાથ જિનાલયે ધ્વજા મહોત્સવ ખૂબજ આનંદ ઉલ્લાસથી ઉજવાયો.

આ ધ્વજા ચડાવવાનો લાભ રૂા. ૨,૫૦૦/-માં માતુશ્રી મોંઘીબેન લાલજી ચત્રભોજ લાલકા પરિવાર હ. અશોકભાઈ અને માતુશ્રી નવલબેન ભાયચંદ લાલજી ધરમશી પરિવાર હ. નીતનીભાઈએ લીધેલ.


શુભેચ્છા સહ....
**શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)**
**અંબા શીપીંગ એજન્સીઝ**
૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.


આગામી ફાગણ વદ ૮, બુધવાર ૩ એપ્રિલ ૧૩ના વર્ષીતપ પ્રારંભ કાર્યક્રમ શ્રી વાસુપૂજ્ય સ્વામી જિનાલય, ઝવેર રોડ, મુલુંડ મુકામે પ.પૂ.આ.ભ.શ્રી કલાપ્રભ સાગરસૂરીશ્વરજી મ.સા. તેમજ વિશાળ શ્રમણ શ્રમણી વૃંદની હાજરીમાં ઉજવાશે. આ વર્ષીતપના પારણા મોડપર મુકામે શ્રી સુપાર્શ્વનાથ ભગવાન આદિ જિનબિંબોની પ્રતિષ્ઠા વખતે સં. ૨૦૭૦ના વૈશાખ સુદ ૩ અખાત્રીજ ૨.૫.૧૪ના કરાવવામાં આવશે.

## શ્રી ભલારા ભક્તિ મંડળ હૈદરાબાદ

શ્રી ભલારા ભક્તિમંડળ હૈદરાબાદના ઉપક્રમે પ્રતિ વર્ષાનુસાર આ વર્ષે પણ શ્રી ભલારાદાદાના સમુહ પાઠ તથા પ્રસાદીનું આયોજન ચૈત્ર સુદ ૧૪ બુધવાર ૨૪ એપ્રિલ ૧૩ના ગોધુલિવેળાએ શ્રી કચ્છી ભવન રામકોટમાં રાખવામાં આવેલ છે. સમુહ પાઠ તથા પ્રસાદીના લાભાર્થી પરિવાર શેઠશ્રી રમેશભાઈ પ્રેમજી લોડાયા (વારાપધર) છે. ભલારાને નમતા તથા પાઠમાં બેસતા સર્વે ભાવિકોને સહપરિવાર પાઠ, જ્યોત દર્શન તથા પ્રસાજીનો લાભ લેવા આમંત્રણ છે.

સંપર્ક : ગુલાબચંદ પદમશી મોતા-9441916142, લહેરચંદ ટોકરશી લોડાયા-9246539066, જવેરચંદ માણેક દંડ-9291622275, હંસકુમાર રાયચંદ સાયલા-66362545, 27562545

## માંડવીમાં ''જલારામ અન્નક્ષેત્ર' નો પ્રારંભ

શ્રી માતૃભૂમિ સેવા ટ્રસ્ટ સંચાલિત શ્રી જલારામ અન્નક્ષેત્રનો પ્રારંભ મહાશિવરાત્રીનાં પર્વના દિવસે પૂ. જાલારમ બાપાના મંદીર સાથે શ્રી જલારામ ચેરીટેબલ ટ્રસ્ટ મુંબઈનાં શ્રી એલ.ડી. શાહનાં સહયોગથી શરૂ કરવામાં આવ્યું હતું.

માંડવીના આ અન્નક્ષેત્રમાં કોઈપણ પરિવાર વ્યક્તિ, બહારથી આવતા પ્રવાસીઓ માટે નિઃશુલ્ક પ્રસાદીની વ્યવસ્થા કરવામાં આવી છે. હોસ્પિટલોના દર્દીઓ, સગાઓ પણ આ સેવાનો લાભ લઈ શકશે.

વધુ સહયોગ માટે મુકેશ ત્રિવેદી-9879357773 નો સંપર્ક કરવો.


શુભેચ્છા સહ....
**શીતલ કોટન ટ્રેડર્સ**
**શ્રી કાંતિલાલ ગાંગજી વોરા પરિવાર**
(રંગપુર-કોઈમ્બતુર)

## રોટલા કેન્દ્ર ટીફીન સેવા-માંડવી

શ્રી માતૃભૂમિ સેવા ટ્રસ્ટ સંચાલિત જીવદયા કેન્દ્રમાં રોટલા કેન્દ્ર તથા વડીલોને ઘેરબેઠા ભોજન માટે ટીફીન સેવા માટે કોઈ પણ વ્યક્તિ લાભ લઈ શકે છે. માંદગી હોય કે આર્થિક રીતે સક્ષમ ન હોય, એકલા રહેતા વૃદ્ધજનોને ઘેરબેઠા 'ટીફીન' આપવામાં આવે છે. હોસ્પિટલોમાં પણ દર્દીઓ તથા તેમના ચાકરીવાળાને ટીફીન દ્વારા ભોજન આપવામાં આવે છે.

આ સેવા કાર્યમાં સહયોગ માટે મુકેશ ત્રિવેદી, બાબાવાડી-માંડવી-9879357773/9408442212 સંપર્ક કરવા વિનંતી.

## હરસ, મસા, ભગંદર કેમ્પ-માંડવી

શ્રી માતૃભૂમિ સેવા ટ્રસ્ટ દ્વારા તા. ૨૪.૩.૧૩ના રવિવારના સવારે ૧૧ થી ૨ સુધી હરસ, મસા, ભગંદર, ફીશરનાં દર્દીઓને નિઃશુલ્ક તપાસ તથા રાહતદરે ઓપરેશન (ક્ષારસૂત્રથી) ગાંધીધામનાં ડૉ. નિતેશ સુતાર કરશે. દર્દીઓએ નામ નોંધાવવા માટે સંપર્ક કરવા

મુકેશ ત્રિવેદી-9879357773/9408442212 બાબાવાડી-માંડવી-કચ્છ.

## શ્રી રાજસ્થાન તીર્થ યાત્રા

શ્રી કુલપાકજી તીર્થ યાત્રી સંઘ કાચીગુડાના VISION 12-12-12 હેઠળ શ્રી સમ્મેત શીખરજી મહાતીર્થ યાત્રાના સફળતાપૂર્વક આયોજન બાદ જાન્યુઆરી-૨૦૧૪માં "શ્રી રાજસ્થાન તીર્થ યાત્રા" નો કાર્યક્રમ નિર્ધારીત કરેલ છે. આ કાર્યક્રમમાં અચલગઢ તીર્થ, દેલવાડા, દત્તાણી, ભેરૂતારક, પાવાપુરી, જીરાવલા, શ્રી ભિનમાલ, જાલોર, જાહાજ મંદિર, નાકોડાજી, બારમેડ, જેસલમેર, રામદેવડા, ઓશીયાજી, જોધપુર, પાલી, રાણકપુર ઈત્યાદી તિર્થોને આવરી લેવામાં આવશે. જેનો નકરો વ્યક્તિ દીઠ રૂા. ૮,૮૮૮/- રાખેલ છે. ભાવિકોને ૧ ઓગસ્ટ ૧૩ સુધી રકમ સાથે નામો નોંધાવવા આમંત્રણ છે.

## છ'રીપાલક સંઘ પાલીતાણા પહોંચ્યો

અચલગચ્ચાધિપતિ આચાર્ય ગુણસાગર સુરીશ્વરજી મ.સા.ના જન્મ શતાબ્દી વર્ષે ગુરૂ ગૌરવ યાત્રા રૂપ અચલગ્છાધિપતિ આચાર્ય ગુણોદયસાગરજી સુરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં ભુજથી શંખેશ્વર, અમદાવાદ, પાલીતાણા ૪૫ દિવસીય છ'રીપાલક સંઘ ૭૫૦ કિલો મીટરની મજલ કાપી ધાર્મિક આરાધનાઓ સાથે શત્રુંજ્ય મહાતીર્થ પહોંચ્યો હતો. આ પ્રસંગે દાતાઓ તરફથી કચ્છની ૮૧ પાંજરાપોળ માટે દાન જાહેર કરાયું હતું.

તે પહેલાં, સંઘ સોનગઢ સૌરાષ્ટ્ર મુકામે પહોંચતાં સ્વાગત કરવામાં આવ્યું હતું. સોનગઢ ગુણોદય તીર્થધામમાં મૂળ કચ્છના અને હાલે ભાવનગરમાં ડીવાયએસપી તરીકે ફરજ બજાવતાં પન્નાબેન મોમાયા આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

સોનગઢ બાળાશ્રમમાં સંઘપતિઓ તરફથી લાખોનું દાન અપાયું હતું. તેમજ સોનગઢ ગ્રામ પંચાયતની પાણી યોજનાનું ભૂમિ પૂજન જૈનાચાર્ય ગુણોદયસાગરજી મ.સા.ની નિશ્રામાં હંસાબેન નવીનભાઈ લાલનના હસ્તે કરવામાં આવ્યું હતું.

જામનગરના દિક્ષાર્થી કુમારી નેહાબેનની દીક્ષા પ્રસંગે પંચાન્હિકા મહોત્સરનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુરૂ ગૌરવયાત્રાએ પાલીતાણામાં નગરપ્રવેશ કર્યો ત્યારે આ નગરયાત્રામાં ગજરાજ, અશ્વો, શણગારેલી બગીઓ, ઊંટગાડીઓ, વિરમગામના શરણાઈવાદકો, નાસિકના ઢોલીઓ તેમજ અનેકવિધ બેન્ડ પાર્ટીઓ સાથેની આ નગરયાત્રાએ શહેરમાં અનેરૂં આકર્ષણ જમાવ્યું હતું.

કુમારી નેહાબેનનો વર્ષીદાનનો વરઘોડો તેમજ દિક્ષા મહોત્સવ પણ ઉજવવામાં આવ્યો હતો. કુમારી નેહાબેનનું નામ સાધ્વી યોગદૃષ્ટિશ્રી મ.સા. રાખવામાં આવ્યું હતું. આ અવસરે શ્રમણ શ્રમણી વૃંદ આચાર્યએ યતીશ્રી મોતીસાગરજી મ.સા. તથા વિશાળ સંખ્યામાં શ્રાવક-શ્રાવિકાઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ગઢશીશાના વિકાસ માટે દોઢ કરોડનું દાન જાહેર

અચલગચ્છાધિપતિ ગુણોદયસાગરસુરીશ્વરજી મ.સા. ની નિશ્રામાં ભુજથી નિકળેલ છ'રીપાલક સંઘ પાલીતાણા પહોંચ્યો તેને વધાવવા ૧૨૦૦ જેટલા ગઢશીશાવાસીઓ પાલીતાણા પહોંચ્યા હતા તેમણે પોતાના ગામના વિકાસ માટે દોઢ કરોડના દાનની જાહેરાત કરી હતી. અચલગચ્છાધિપતિનું પ્રેરણાથી ગઢશીશામાં મહાવીર અન્નક્ષેત્ર શરૂ કરવામાં આવશે. જેનો લાભ માતુશ્રી મમીબાઈ માણેક પાસડ પરિવારે લીધો છે.

### હાસ્ય

પતિ : મારે છૂટાછેડા જોઈએ છે. મારી પત્ની મારી સાથે છ મહિનાથી બોલી નથી.

વકીલ : ભાઈ, એક વાર વિચારી જોજો. આવી પત્નીઓ મળવી મુશ્કેલ છે.

પત્નીની ક્રિયાવિધિ કરી પતિ ઘરે પહોંચ્યો.

તેણે જોયું આકાશમાં વીજળી ચમકી અને ગડગડાટ થયો

પતિ : "(મનોમન) લાગે છે પહોંચી ગઈ!"

## નવા/બદલાયેલા સરનામા-ફોન નંબર (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

**જલદીપ કુંવરજી શાહ** સી-૭૦૪, રીવરસાઈડ પાર્ક, શાંતાબાગ સોસાયટીની સામે, એપીએમસી માર્કેટ નજીક, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭

**મયુર લક્ષ્મીચંદ મોમાયા** ફ્લેટ નં.૨, વીંગ નં.૨, ગ્રાઉન્ડ ફ્લોર, ઓમ શાંતિ નગર સોસાયટી, પ્લોટ નં.૧, વલ્લભનગર, માલેગાંવ રોડ, ધુલિયા, મહારાષ્ટ્ર-૪૨૪૦૦૧ ફોન : 7709467474

## નવા/બદલાયેલા ફોન નંબર (પુરું નામ -હાલનું ગામ સાથે ફોન નંબર આપવું)

| | | | | | |
|---|---|---|---|---|---|
| **કાજલ લક્ષ્મીચંદ મોમાયા** | ધુલિયા | 9823442674 | **સૌ. પ્રીતિ કાજલ મોમાયા** | ધુલિયા | 9545521674 |

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતિ અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ (બાળકનું નામ નાખ્યા બાદ જન્મનોંધ મોકલો)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૦૮.૦૨.૧૩ | વડાલા | VRDD0300901 | ધર્મ્ય-કૃપા ડાયમંડ અશોક સોમચંદ દંડ | વરાડીયા | પુત્ર |
| ૧૩.૦૨.૧૩ | સાંગલી | | દેશના ચેતન ફુરવા | ગોધરા | પુત્રી |
| ૨૬.૦૨.૧૩ | નાંદેડ | SIL0101603 | મોક્ષ-ભૂમિકા અમિત કિશોર લોડાયા | સાંયરા | પુત્ર |
| ૦૭.૦૩.૧૩ | ડોંબીવલી | DADA040103 | ભાવિ-વિનિતા શૈલેશ જયંતિલાલ ડાઘા | દલતુંગી | કન્યા |

### સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૧.૦૨.૧૩ | ઘાટકોપર | NLKN060504 | મિતલ નવીનચંદ્ર હીરજી ખોના | નલીયા | ૨૬ |
| | ડોંબીવલી | KBLO051105 | હિરલ રમેશ રતીલાલ લોડાયા | મોટી ખાવડી | ૨૪ |
| | મુલુંડ | ARL20010104 | ચંદ્રેશ ભવાનજી વેલજી લોડાયા | આરીખાણા | ૨૬ |
| | મુલુંડ | SUDH100304 | એકતા રાજેન્દ્ર આણંદજી ધરમશી | સુથરી | ૨૫ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૦૩.૦૩.૧૩ | વડાલા | BYGS010404 | વિકી કિરીટ કાનજી ગોસર | બાયઠ | ૨૪ |
| | ઈન્દોર | A | શીના રાજેન્દ્ર તીલોકચંદ સોની | ઈન્દોર | ૨૪ |

### સગપણ છૂટા

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૨.૦૩.૧૩ | ભુજ | SPSH010504 | પાર્થ અનિલ વીરચંદ સાંયા | સુજાપુર | ૨૩ |
| | ડોંબીવલી | TRSL010303 | ગુંજન અભય શિવજી શિયાલ | તેરા | ૧૯ |

### મરણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૦૩.૦૩.૧૩ | મુલુંડ | KBKN021201 | ધીરેન્દ્ર ચાંપશી ખીમજી ખોના | મોટી ખાવડી | ૫૭ |
| ૦૩.૦૩.૧૩ | વડાલા | LLL0010201 | જયાબાઈ શામજી પુનશી લોડાયા | લાલા | ૮૪ |
| ૦૭.૦૩.૧૩ | અમેરીકા | TRMT010601 | નિર્મલા ચંદ્રકાંત ચત્રભુજ પટેલ (મોતા) | તેરા | ૬૯ |
| ૦૯.૦૩.૧૩ | ડોંબીવલી | BDLO020101 | ખમાવંતી મુરજી તેજપાર પટેલ (લોડાયા) | બાંઢીયા | ૮૭ |
| ૧૧.૦૩.૧૩ | ઘાટકોપર | NLCD030502 | કસ્તુરી કિશોર શામજી છેડા | નલીયા | ૭૦ |
| ૧૨.૦૩.૧૩ | મુલુંડ | JKNG020601 | પ્રેમચંદ શામજી આણંદજી નાગડા | જખૌ | ૫૩ |
| ૧૪.૦૩.૧૩ | મસ્જીદ બંદર | TRLO030502 | મધુરીબાઈ મુલચંદ કાનજી લોડાયા | તેરા | ૭૩ |

## સુચના

પ્ર.સ. નું નાણાંકીય વર્ષ માર્ચમાં પૂરું થાય છે. જેમના પણ જા.ખ. બીલો બાકી હોય તેમણે તુરંત સંપર્ક કરી પેમેન્ટ મોકલી આપવા વિનંતી છે જેથી સંસ્થાને હિસાબો સમયસર જાળવવા સુવિધા રહે.

વાર્ષિક લવાજમ રૂા. ૫૦/- એપ્રિલ'૧૩થી શરૂ થાય છે. પ્ર.સ. લવાજમ માનદ્ પ્રતિનિધિઓ પાસે અથવા કાર્યાલયે ભરી લેવા અપીલ છે. જે પ્રતિનિધિઓને લવાજમ રસીદબુક જોઈએ તો મંગાવી લેવી.

# વરાડીયા સ્થાનકે મોમાયા પરીવારના કુળદેવી શ્રી મોમાઈ માતાજીના મંદિરે ધ્વજારોહણ તથા ચંડીપાઠ તા. ૨૫-૨૬ ફેબ્રુઆરી ૨૦૧૩



કચ્છમાં મુળ સ્થાનક મોમાઈમોરામાં બિરાજમાન
શ્રી મોમાઈ માતાજી તથા શ્રી આશાપુરા માતાજી



વરાડીયા સ્થાનકે શ્રી મોમાઈ માતાજીને ચુંદડી ઓઢાળતા ભાવિકો



સ્થાનકે બિરાજમાન કુળદેવી
શ્રી મોમાઈ માતાજીની મનમોહક પ્રતિમા



પૂ. માતાજીની પહેડી જુહારતા શ્રી ભોઈમા



પૂ. માતાજીના થાળની તૈયારી



ચંડીપાઠના દિવસે થાળ લઈ જતા ભાવિકો



પહેડી દરમ્યાન ભક્તિભાવનામાં તરબોળ ભાવિકજનો



ચંડીપાઠ પૂર્વે વિધિકારને તિલક કરતા ભોઈમા



ચંડીપાઠ માટે કળશ સ્થાપન



ચંડીપાઠ બાદ માતાજીની આરતી ઉતારતા ભાવિકો



સંધ્યાપાઠ માટે કળશ સ્થાપન



ધ્વજારોહણ પ્રસંગે ભક્તિભાવનામાં તરબોળ ભાવિકજનો



ધ્વજારોહણની પૂર્વ તૈયારી



ધ્વજારોહણનો આનંદ માણતા ભાવિકો



ધ્વજારોહણ પ્રસંગે આરતી ઉતારતા ભાવિકજનો

# " સાંધવ ગામમાં નવકાર એપાર્ટમેન્ટનું ખાત મહુર્ત "

## તા.૧૬-૦૨-૨૦૧૩નાં શુભ મહુર્તે સાંધવ ગામમાં નવકાર એપાર્ટમેન્ટનું ખાત મહુર્ત કરવામાં આવ્યું છે. આ શુભ પ્રસંગે ગામ વાસીઓ તેમજ જેમણે ફ્લેટ બુક કરાવ્યા છે તે મહાનુભાવો હાજર રહ્યા હતા.

## સમતા ઈન્ફ્રાકોન પ્રા.લી. દ્વારા નિર્માણાધીન લકઝરીયસ ફ્લેટ લેવા તુરંત સંપર્ક કરો.




કચ્છમાં ઇન્વેસ્ટમેન્ટ માટે વિશ્વાસ પાત્ર નામ

SAMTA
shaping the future

## અમારી કંપની સમતા ઈન્ફ્રાકોન પ્રા. લી. દ્વારા

| | |
|---|---|
| **સમતા ધ સીટી** | : મુન્દ્રા તાલુકાનાં વાંકીગામ મધ્યે પ્લોટોની સ્કીમ |
| **સમતા રેસીડેન્સી** | : અબડાસા તાલુકાના નલીયા અને જખૌની વચ્ચે એક પ્રીમીયમ રેસીડેન્સીયલ પ્રોજેકટ |
| **લોક એન્ડ કી 'લાઈફ સ્ટાઈલ'** | : સુપર પ્રોજેકટ ગાંધીધામ થી ૨૫ કિલોમીટર ના અંતરે (રેસીડેન્સીયલ પ્રોજેકટ) |
| **વોટર પાર્ક રીસોર્ટ** | : કચ્છની ધરતીનું એક નવું ઘરેણું 'કચ્છ નહીં દેખા તો કુછ નહી દેખા |

BUILDERS & DEVELOPERS :

# Samta Infracon Pvt. Ltd.

Plot No. 93&94, Ward 6-B, Shop No. 1&2, Nr. Nakoda Nagar, Adipur (Kutch) 370 205. Gujarat.
Ph. : +91-2836-257330 Fax : +91-2836-257630
E-mail : samtainfracon@gmail.com / pradeep_5722@yahoo.com visit us at : www.samtainfra.in

BOOKING CONTACT :

*Pradeep Khona : +91-9925666688 Jesal C. Jain : +91-9925244908*

## હાર્દિક અભિનંદન



**CA ચિ. દીપ રાજેન્દ્ર લોડાયા**

*(મોટી ખાવડી-ડોંબીવલી)*

ચિ. દીપે CA ની પરીક્ષામાં ૬૦% મેળવી
અમારા પરિવારનું ગૌરવ વધારેલ છે.
ઉજ્જવલ અને પ્રગતિમય ભવિષ્ય માટે
હાર્દિક શુભેચ્છાઓ સાથે અભિનંદન

-: શુભાશિષ :-

| | | |
|---|---|---|
| નાનાણાં | : | શ્રીમતી ધનલક્ષ્મી કાનજી પુનશી મૈશેરી (જખૌ-જાલના) |
| દાદાણાં | : | સ્વ. માંકબાઈ ખીમજી રાયશી લોડાયા |
| માતા-પિતા | : | સૌ. રીટા રાજેન્દ્ર ખીમજી લોડાયા (મોટી ખાવડી-ડોંબીવલી) |
| બહેન-બનેવી | : | સૌ. દિવ્યા ધર્મેશ અરવિંદ મુનવર (ઘાટકોપર) |
| મામા-મામી | : | સૌ. મમતા જયેશ કાનજી મૈશેરી (જાલના) |
| માસા-માસી | : | સૌ. ગીતા સતિશ પ્રવિણચંદ લુઠીયા (ગદગ) |
| માસા-માસી | : | સૌ. દક્ષા સુધીર જવેરચંદ સોની (ગદગ) |
| બહેન-બહેની | : | સૌ. શ્રુતી તેજસ કિશોર લોડાયા (ખાંડેશ્વર) |
| ભાઈ-બહેન | : | મીત, ગીરા અને ભવ્ય |

## *Heartiest Congratulations*

Making us Proud.......
**THIRD DOCTOR** in
**KHONA PARIVAR**
of GADAG



**Dr. Preet** MBBS

**Blessing From**

Javeribai - Somchand Hansraj Khona
Navalbai - Manilal Padamshi Malani
Priti - Dr. Pradeep Khona
Alka - Bhupendra Khona
Bhavana - Tailesh Bhate
Dr. Pratik & Pranav

## શ્રદ્ધાંજલિ

મનુષ્યગતિમાં અવતરણ
તા. ૨૦.૮.૧૯૪૨



મોક્ષગતિ ઊર્ધ્વારોહણ
તા. ૧૭.૨.૨૦૧૩

**સ્વ. નુતન તેજપાલ ખીમજી શાહ (લોડાયા)**

સાંયરા-ઔરંગાબાદ

જીવનરૂપી ઉપવનમાં પુષ્પ બની ખીલી ગયા, થઈને ધૂપસળી સર્વત્ર સુવાસ પ્રસરાવી ગયા. જીંદગી એવી જીવી ગયા જે કદી ભૂલાય નહીં, વિદાય એવી લીધી જે કદી વિસરાય નહીં. હજી પણ તમારા હોવાનો આભાસ થાય છે, હમણાં બોલશો એવો વિશ્વાસ થાય છે. ધન છે, વૈભવ છે સમસ્ત સુખ છે, પણ જનારા સાજન ન મળે તો જીવનભરનું દુઃખ છે. પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ બક્ષી મોક્ષગામી બનાવે એજ પ્રાર્થના...

**શ્રદ્ધા સુમન**

ધર્મપત્ની : વિનીતા નુતન શાહ
પુત્રવધુ-પુત્ર : સૌ. સપના ચિંતન શાહ
દીકરી-જમાઈ : સૌ. નેહા સિદ્ધાર્થ મુરકુંડે
દીકરી-જમાઈ : સૌ. ટીના પુરવ ધરમશી
પૌત્ર : શોર્ય • દોહિત્ર : અર્થ • દોહિત્રી : રીત, તનિષ્કા
કુટુંબ : સ્વ. લક્ષ્મીબેન તેજપાલ ખીમજી લોડાયા સમસ્ત પરિવાર (સાંયરા-ઔરંગાબાદ)
સાસરૂં : સ્વ. જેતબાઈ રતનસી ચાંપસી સોની સમસ્ત પરિવાર (વાંકુ-ઉજ્જૈન)
બહેનો : ગં.સ્વ. પુષ્પાબેન વિસનજી મોતા, અ.સૌ. કાશ્મીરા જીતેન્દ્ર મૈશેરી

ઋણ સ્વીકાર : અમારા દુઃખમાં પ્રત્યક્ષ અને પરોક્ષ રૂપે સાંત્વના આપનાર સર્વે સ્નેહી સ્વજનોનો સહૃદયે ઋણ સ્વીકારીયે છીએ.

**C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640**
Postal Regd. No.MH/MR/East/53/2012-14
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

# કચ્છદર્શન કરાવતી મસાલા ફિલ્મ : કચ્છ નહિ દેખા તો કુછ નહિ દેખા








કચ્છદર્શન કરાવતી કચ્છ પર બનેલી પ્રથમ મસાલા ફિલ્મ 'કચ્છ નહિ દેખા તો કુછ નહિ દેખા' એ મસાલા મૂવી કચ્છના પ્રવાસન માટે મહત્ત્વની છે. આ ફિલ્મમાં કચ્છનું સફેદ રણ, લખપતનો કિલો, ધોળાવીરા, ભૂજ, માંડવીનો દરિયાકિનારો, રાપર અને કચ્છનાં કેટલાંય ગામડાં એક થિયેટરમાં બેઠાં-બેઠાં જોઈ શકાશે. આ બધું દર્શાવવા માટે જે કદાચ લવ-ટ્રાયેન્ગલ સ્ટોરી છે. ફિલ્મને લવ-ટ્રાયેન્ગલ કૉમેડી, બાઈક સ્ટન્ટ, કબડ્ડીનો ખેલ, કાર્નિવલ, ફાઈટનાં દ્રશ્યો જેવા મસાલા ભરીને મનોરંજક બનાવવાનો પ્રયાસ કરાયો છે.

ફિલ્મની વાર્તા એવી છે કે ફિયોના (હેતર ઠક્કર) મુંબઈ યુનિવર્સિટીની જીઓલોજીની વિદ્યાર્થિની છે, જે સંશોધન માટે કચ્છ જાય છે. બાકીના વિદ્યાર્થીઓ ૧૫ દિવસ પછી આવવાના છે. ફિયોના કચ્છ જોવા ઈચ્છે છે એટલે વહેલી જાય છે. કચ્છમાં કિશન (જુગલ જેઠી) નામના ગાઈડ સાથે મુલાકાત થાય છે, જે ફિયોનાને કચ્છની સંસ્કૃતિ, ત્યાંનાં મંદિરો, સફેદ રણ, ધોળાવીરા જેવાં બધાં સ્થળોએ ફેરવે છે.

જ્યારે મુંબઈથી બીજા વિદ્યાર્થીઓ ાવે છે ત્યારે તેમને પણ સંશોધનનાં સ્થળોએ લઈ આવે છે. આ વિદ્યાર્થીઓમાં લવ (જૈમિન મકવાણા) છે જે ફિયોનાને પ્રેમ કરે છે અને ફિયોના પણ લવને ચાહે છે. આ વાતની કિશન (ગાઈડ) ને ખબર પડે છે ત્યારે તે દિલથી તૂટી પડે છે, કારણ કે તે મનોમન ફિયોનાથી ઘણો પ્રેમ કરવા લાગે છે. બધા વિદ્યાર્થીઓ કચ્છનો પ્રવાસ પૂરો કરીને મુંબઈ જતા રહે છે ત્યારે ફિયોનાને આઘાત પહોંચે છે. જેને ઘણો ચાહે છે તે લવ તેને દગો દે છે. ત્યારે ફિયોનાના મિત્રો જીલ (નંદિની ગોસ્વામી) અને શિખા (ભૂમિ) ફિયોનાને સમજાવે છે તેનો પ્રેમ તો કિશન છે, કિશન જ તેનો પ્રેમ તો કિશન છે, કિશન જ તેનો સાચી મોહબ્બત છે, પછી ફિયોના પાછી કચ્છ આવે છે અને કિશનને તેનો પ્રેમ મળે છે.

કથા, પટકથાના લેખક અને ડિરેક્ટર દીપક કે. ગોસ્વામી છે. ફિલ્મમાં બધા જ કલાકારો મૂળ કચ્છના છે જેમાંના કેટલાકે ફિલ્મોમાં નાની-મોટી ભૂમિકા કરી છે. બાકીનાને આ ફિલ્મમાં બ્રેક અપાયો છે. ફિલ્મમાં કુલ છ ગીતો છે. માત્ર ૪૦ દિવસમાં ૪૦૦ કિલોમીટરનો પ્રવાસ કરીને ૪૦ લોકેશન કવર કર્યાં છે.

આ ફિલ્મ માટે ગુજરાતના પ્રવાસન નિગમનો સહયોગ મળ્યો છે. આગામી એપ્રિલની ૨૦મી તારીખ આસપાસ ગાંધીનગર ખાતે મુખ્ય પ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે મ્યુઝિક લૉન્ચ કરવામાં આવશે. મે માસની ૨૦મી પછી ફિલ્મ રિલીઝ કરવામાં આવશે.

## હાર્દિક અભિનંદન



**ચિ. ભવ્યા શાંતીલાલ મોતા** (રાપર ગઢવારી-કોચીન)

ચિ. ભવ્યા, C.A. (Final) નવેમ્બર-૨૦૧૨ની પરીક્ષા પાસ કરેલ છે તથા C.S. (Proessional Programme) ડીસેમ્બર ૨૦૧૨ની પરીક્ષા પ્રથમ પ્રયાસે પાસ કરીને અમારા પરીવારનું ગૌરવ વધારેલ છે. તેના ઉજ્જવલ ભવિષ્ય તથા ઉત્તરોત્તર પ્રગતિ માટે અમારી હાર્દિક શુભેચ્છાઓ...

-: શુભાશિષ :-

દાદાણાં : સ્વ. માનબાઈ ઉમરશી તેજપાર મોતા (રાપર ગઢવારી-કોચીન)
નાનાણાં : ગં.સ્વ. વિજયાબાઈ રતીલાલ કુંવરજી ધરમશી(ભગત)(જખૌ-ગદગ)
માસી-મામા : શ્રી હર્ષા અને શ્રી વિપુલ રતીલાલ ધરમશી (ભગત) (ગદગ)
મમ્મી-પપ્પા : શ્રીમતી વર્ષા શાંતીલાલ મોતા (કોચીન)
મા-બાપા : ગં.સ્વ. દમયંતી રતીલાલ મોતા (રાપર ગઢવારી)
: ગં.સ્વ. ખંતીલા દિનેશ મોતા (કોચીન)
: શ્રીમતી મંજુલા ચંદ્રકાંત મોતા (બેંગ્લોર)
ભાભી-ભાઈ : શ્રીમતી હેતલ મનીશ મોતા (દુબઈ)
: શ્રીમતી દિપીકા નિમીત્ત મોતા (કોચીન)
બહેન-ભાઈ : શ્રી સ્મિતા અને શ્રી સિદ્ધાર્થ ચંદ્રકાંત મોતા (બેંગ્લોર)
ભત્રીજો : ચિ. અંશ મનીશ મોતા (દુબઈ)

To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001. Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078.
Editor : **Raichand R. Nagda**